*Shree Kundkund-Kahan Parmarthik Trust*

302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**


# આત્મધર્મ

પ્રશમમૂર્તિ પૂજ્ય ભગવતી બહેનશ્રી ચંપાબેન



વૈરાગી અંતર્મુખી, મંથન પારાવાર;
જ્ઞાતાનું તલ સ્પર્શીને, કર્યો સફળ અવતાર.

વીર સં. ૨૫૦૫, ઓગષ્ટ [ ૪૩૦ ] વર્ષ ૩૬: અંક ૨




૧. "બંધ હો કે ન હો (અર્થાત્ બંધાવસ્થામાં કે મોક્ષાવસ્થામાં), સમસ્ત વિચિત્ર મૂર્તદ્રવ્યજાળ (અનેકવિધ મૂર્તદ્રવ્યોનો સમૂહ) શુદ્ધ જીવના રૂપથી વ્યતિરિક્ત છે" એમ જિનદેવનું શુદ્ધ વચન બુધપુરુષોને કહે છે. આ ભુવનવિદિતને (–આ જગતપ્રસિદ્ધ સત્યને), હે ભવ્ય! તું સદા જાણ.

(શ્રી પદ્મપ્રભમલ્લધારીદેવ નિયમસાર કળશ–૭૦)

૨. જે પુદ્‌ગલ વર્તમાન–કાળમાં શુભ દેખાય છે તે જ પુદ્‌ગલ પૂર્વે અનંત ભવમાં દુઃખ દેવાવાળા અશુભપણે પરિણમ્યા હતાં અને જે પુદ્‌ગલ વર્તમાન–કાળમાં અશુભ દેખાય છે તે જ પૂર્વે અનંતવાર સુખકારી થયાં હતાં. સર્વ પ્રકારના પુદ્‌ગલ–દ્રવ્ય અનંતવાર આહાર–શરીર–ઇન્દ્રિયરૂપ પરિણમ્યા થકાં તે સર્વને અનંતવાર ભોગવ્યા અને ત્યાગ કર્યો, એવા સર્વ પુદ્‌ગલના ગ્રહણ–ત્યાગમાં શું આશ્ચર્ય છે?

(શ્રી શિવકોટી આચાર્ય, ભગવતી આરાધના, ગાથા ૧૪૧૬–૧૭)

૩. ત્રણલોકરૂપી ઘરમાં સર્વત્ર સંચાર કરવાવાળા જે ચિત્તને રોકવું શક્ય નથી તથા જેને રોકવાથી જન્મ–મરણરૂપી ભયને ઉત્પન્ન કરવાવાળા મનુષ્યના સર્વ દોષો નષ્ટ થઈ જાય છે તે મનને હે જીવ! જો તું જીવ–અજીવ આદિ પદાર્થોના યથાર્થ સ્વરૂપને પ્રગટ કરવાવાળા જિનાગમમાં સ્થિર કરીને તત્ત્વ–ચિંતનમાં લગાવ તો તું સ્વાધીન સુખને આપવાવાળા નિજ–પદને પામીશ.

(શ્રી અમિતગતિ–આચાર્ય, સુભાષિત રત્નસંદોહ, સર્ગ. ૧૬, શ્લોક ૮)

૪. આ શરીરનો સંબંધ જ સંસાર છે, તેનાથી વિષયમાં પ્રવૃત્તિ થાય છે, જેથી પ્રાણીને દુઃખ થાય છે. બરાબર છે–લોઢાનો આશ્રય લેનાર અગ્નિને કઠોર ઘણના ઘા સહન કરવા પડે છે. તેથી મોક્ષાર્થી ભવ્ય જીવોએ આ શરીર એવી મહાન યુક્તિથી છોડવું જોઈએ કે જેથી સંસારના કારણભૂત તે શરીરનો સંબંધ આત્મા સાથે ફરીથી ન થઈ શકે.

(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતી, શરીરાષ્ટક, શ્લોક ૭)

વાર્ષિક લવાજમ છ રૂપિયા
વર્ષ ૩૬ અંક ૨




વીર સંવત ૨૫૦૫
A.D.1979 AUGUST.

પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની

# પાવનકારી ૬૬ મી જન્મજયંતી પ્રસંગે

## [ ‘બહેનશ્રીનાં વચનામૃત’ માંથી વીણેલાં ૬૬ રત્નો ]

૧ આત્મામાં આનંદ ભર્યો છે; ત્યાં જરૂર ગમશે. જગતમાં ક્યાંય ગમે તેવું નથી પણ એક આત્મામાં જરૂર ગમે તેવું છે.

૨ જેને આત્માની ખરેખરી લગની લાગી, તેની આત્મલગની જ તેનો માર્ગ કરી દેશે.

૩ જ્ઞાનીની પરિણતિ સહજ હોય છે. પ્રસંગે પ્રસંગે ભેદજ્ઞાનને યાદ કરીને તેમને ગોખવું નથી પડતું.

૪ જ્ઞાન વગરનો વૈરાગ્ય તે ખરેખર વૈરાગ્ય નથી પણ રુંધાયેલો કષાય છે.

૫ સ્વભાવની વાત સાંભળતાં સોંસરવટ કાળજે ઘા પડી જાય.

૬ ગુરુદેવે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો ને સ્પષ્ટ કર્યો છે. તેઓશ્રીને શ્રુતની લબ્ધિ છે.

૭ પુરુષાર્થ કરવાની કળ સૂઝી જાય તો માર્ગની મૂંઝવણ ટળી જાય.

૮ અમે બધાને સિદ્ધપણે જ દેખીએ છીએ, અમે તો બધાને ચૈતન્ય જ દેખી રહ્યા છીએ. કોઈને અમે રાગદ્વેષવાળા દેખતા જ નથી.

❀❀❀ જન્મવધામણાં હો રાજ ! હૈડાં થનગન થનગન નાચે; ❀❀❀

૯ મુમુક્ષુઓને તથા જ્ઞાનીઓને અપવાદમાર્ગનો કે ઉત્સર્ગમાર્ગનો આગ્રહ ન હોય.

૧૦ જ્ઞાની ચૈતન્યના પાતાળમાં પહોંચી ગયા છે; ઊંડી ઊંડી ગુફામાં ઊંડે ઊંડે પહોંચી ગયા છે.

૧૧ જ્ઞાન-વૈરાગ્યરૂપી જળનું સિંચન કરી મુક્તિસુખરૂપી અમૃત મેળવ.

૧૨ જો મૂળ સ્વભાવને પકડયો હશે તો ગમે તે પ્રસંગો આવે તે સમયે શાંતિ-સમાધાન રહેશે.

૧૩ જ્ઞાનીને અભિપ્રાયમાં રાગ છે તે ઝેર છે, કાળો સર્પ છે.

૧૪ મારે મારું અસ્તિત્વ જ જોઈએ છે.-આવી અંદર જવાની તીખી તમન્ના લાગે, તો આત્મા પ્રગટ થાય.

૧૫ યથાર્થ ભાવના હોય તો તે ભાવના ફળ્યે જ છૂટકો. જો ન ફળે તો જગતને-ચૌદ બ્રહ્માંડને શૂન્ય થવું પડે.

૧૬ અંદર આંતરડીમાંથી ભાવના ઊઠે તો માર્ગ સરળ થાય. જ્ઞાયકનો અંતઃસ્થળમાંથી ખૂબ મહિમા આવવો જોઈએ.

૧૭ આત્માર્થીએ સ્વાધ્યાય કરવો, વિચાર-મનન કરવાં; એ જ આત્માર્થીનો ખોરાક છે.

૧૮ અંદર આત્મદેવ બિરાજે છે તેની સંભાળ કર. હવે અંતરમાં જા, ને તૃપ્ત થા.

૧૯ ભવિષ્યનું ચિતરામણ કેવું કરવું તે તારા હાથની વાત છે.

૨૦ એકવાર વિકલ્પની જાળ તોડીને અંદરથી છૂટો પડી જા, પછી જાળ ચોંટશે નહીં.

૨૧ સમ્યગ્દૃષ્ટિને જ્ઞાન-વૈરાગ્યની એવી શક્તિ પ્રગટી છે કે ગૃહસ્થાશ્રમમાં હોવા છતાં, બધાં જ કાર્યોમાં ઊભા હોવા છતાં, લેપ લાગતો નથી, નિર્લેપ રહે છે.

**જન્મ્યાં કુંવરી ચંદ્રની ધાર, મુખડાં અમીરસ અમીરસ સીંચે.**

**૨૨ સમ્યગ્દ્રષ્ટિને, આત્માને છોડીને બહાર ક્યાંય સારું લાગતું નથી.**

**૨૩ આત્માર્થી હઠ ન કરે કે મારે ઝટઝટ કરવું છે. હઠ સ્વભાવમાં કામ ન આવે. માર્ગ સહજ છે, ખોટી ઉતાવળે પ્રાપ્ત ન થાય.**

**૨૪ પ્રથમ રુચિનો પલટો કરે તો ઉપયોગનો પલટો સહજ થઈ જશે. માર્ગની યથાર્થ વિધિનો આ ક્રમ છે.**

**૨૫ આત્માને મેળવવાનો જેને દ્રઢ નિશ્ચય થયો છે તેણે પ્રતિકૂળ સંયોગોમાં પણ તીવ્ર ને કરોડો પુરુષાર્થ ઉપાડયે જ છૂટકો છે.**

**૨૬ સહજ દશાને વિકલ્પ કરીને જાળવી રાખવી પડતી નથી.**

**૨૭ સાધકદશામાં શુભ ભાવ વચ્ચે આવે છે, પણ સાધક તેને છોડતો જાય છે; સાધ્યનું લક્ષ ચૂકતો નથી.**

**૨૮ ખરી તાલાવેલી થાય તો માર્ગ મળે જ, માર્ગ ન મળે એમ બને નહીં.**

**૨૯ યથાર્થ રુચિ સહિતના શુભ ભાવો વૈરાગ્ય અને ઉપશમરસથી તરબોળ હોય છે.**

**૩૦ જેને આત્માની ખરી રુચિથી જ્ઞાયકસ્વભાવ પ્રાપ્ત કરવો છે તેને દરેક પ્રસંગે ‘જ્ઞાયકસ્વભાવ...જ્ઞાયકસ્વભાવ’-એવું રટણ રહ્યા જ કરે.**

**૩૧ જીવન આત્મામય જ કરી લેવું જોઈએ.**

**૩૨ ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય કદી બંધાયું નથી. મુક્ત છે કે બંધાયેલું છે તે વ્યવહારનયથી છે.**

**૩૩ વિકલ્પમાત્રમાં તીવ્ર દુઃખ લાગે તો અંદર માર્ગ મળ્યા વિના રહે નહીં.**

**૩૪ આખા દિવસમાં આત્માર્થને પોષણ મળે તેવા પરિણામ કેટલા છે ને બીજા પરિણામ કેટલા છે તે તપાસી પુરુષાર્થ તરફ વળવું.**

❀❀❀ કુંવરી પોઢે પારણે, જાણે ઉપશમકંદ; ❀❀❀

૩૫ સત્‌ના સંસ્કાર ઊંડા નાખ્યા હશે તો છેવટે બીજી ગતિમાં પણ સત્ પ્રગટશે. માટે સત્‌ના ઊંડા સંસ્કાર રેડ.

૩૬ આકાશ-પાતાળ ભલે એક થાય પણ ભાઈ! તારા ધ્યેયને તું ચૂકીશ નહીં, તારા પ્રયત્નને છોડીશ નહીં.

૩૭ જ્ઞાતા થઈ જા. દેહને ખાતર અનંત ભવ વ્યતીત થયા; હવે, સંતો કહે છે કે તારા આત્માને ખાતર આ જીવન અર્પણ કર.

૩૮ નિવૃત્તિમય જીવનમાં પ્રવૃત્તિમય જીવન ન ગમે. શરીરનો રોગ મટવો હોય તો મટે, પણ તેને માટે પ્રવૃત્તિ ન ગમે.

૩૯ અનુકૂળતામાં નથી સમજતો તો ભાઈ! હવે પ્રતિકૂળતામાં તો સમજ....સમજ.

૪૦ ચૈતન્યની ભાવના કદી નિષ્ફળ જતી નથી, સફળ જ થાય છે.

૪૧ જીવ પોતે આખો ખોવાઈ ગયો તે જોતો નથી, ને એક વસ્તુ ખોવાણી ત્યાં પોતે આખો ખોવાઈ ગયો.

૪૨ આત્માના ધ્યેયપૂર્વક, પોતાની પરિણતિમાં રસ આવે તેવા વિચાર-મંથન કરતાં અંતરથી પોતાનો માર્ગ મળી જાય છે.

૪૩ જે જીવને પોતાના સ્થૂલ પરિણામને પકડવામાં પોતાનું જ્ઞાન કામ ન કરે તે જીવ પોતાના સૂક્ષ્મ પરિણામ ક્યાંથી પકડે?

૪૪ અનાદિકાળથી અજ્ઞાની જીવ સંસારમાં ભમતો ભમતો, સુખની ઝંખનામાં વિષયોની પાછળ દોડતો દોડતો, અનંત દુઃખોને વેઠતો રહ્યો છે.

૪૫ ‘રુચિ અનુયાયી વીર્ય’. જ્ઞાયકના ઘૂંટણમાં નિરંતર રહે, દિવસ-રાત એની પાછળ પડે, તો વસ્તુ પ્રાપ્ત થયા વિના રહે જ નહીં.

૪૬ જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે, ચિંતવન કરે, મંથન કરે તેને-ભલે કદાચ સમ્યગ્દર્શન ન થાય તોપણ-સમ્યક્ત્વસન્મુખતા થાય છે.

❀❀❀ **સીમંધરના સોણલે મંદ હસે મુખચંદ.** ❀❀❀

૪૭ દરેક પ્રસંગમાં શાંતિ, શાંતિ ને શાંતિ તે જ લાભદાયક છે.

૪૮ પંચમકાળે નિરંતર અમૃતઝરતી ગુરુદેવની વાણી ભગવાનનો વિરહ ભુલાવે છે!

૪૯ પ્રયોજન તો એક આત્માનું જ રાખવું. આત્માનો રસ લાગે ત્યા વિભાવનો રસ નીતરી જાય છે.

૫૦ તને કાંઈ પણ જાણવાની ઇચ્છા થતી હોય તો તું તારા આત્માની સાધના કર.

૫૧ ધન્ય તે નિર્ગ્રંથ મુનિદશા! મુનિદશા એટલે કેવળજ્ઞાનની તળેટી.

૫૨ મુનિરાજ સ્વરૂપમાં નિરંતર જાગૃત છે. મુનિરાજ જ્યાં જાગે છે ત્યાં જગત ઊંઘે છે.

૫૩ જો તારી ગતિ વિભાવમાં જાય છે તો તેને ઉતાવળથી ચૈતન્યમાં લગાડ.

૫૪ જેણે ચૈતન્યધામને ઓળખી લીધું તે સ્વરૂપમાં એવા સૂઈ ગયા કે બહાર આવવું ગમતું જ નથી.

૫૫ કર્મના ઉદયરૂપ ચિતરામણ સામે આવે ત્યારે સમજવું કે મેં જેવા ભાવ કર્યા હતા તેવું આ ચિતરામણ થયું છે.

૫૬ જીવ બહારથી ફોતરાં ખાંડયા કરે છે પણ અંતરનો જે કસ-આત્મા-તેને શોધતો નથી.

૫૭ સ્વરૂપની લીલા જાત્યંતર છે. મુનિરાજ ચૈતન્યના બાગમાં રમતાં રમતાં કર્મના ફળનો નાશ કરે છે.

૫૮ જ્ઞાન-વૈરાગ્યની અચિંત્ય શક્તિથી પુરુષાર્થની ધારા પ્રગટ કર.

૫૯ હું બંધાયેલો છું, હું બંધાયેલ નથી તે બધું છોડી અંદર જા, અંદર જા; નિર્વિકલ્પ થા, નિર્વિકલ્પ થા.

૬૦ હું તો અરીસાની જેમ અત્યંત સ્વચ્છ છું.

❀❀❀ હેતે હીંચોળતાં હો રાજ ! માતા મધુર મધુર મુખ મલકે; ❀❀❀

**૬૧ અંતરમાં આત્મા મંગળસ્વરૂપ છે. આત્માનો આશ્રય કરવાથી મંગળસ્વરૂપ પર્યાયો પ્રગટશે.**

**૬૨ 'હું તો ઉદાસીન જ્ઞાતા છું.'**

**૬૩ દેવ-ગુરુ માર્ગ બતાવે, પણ સમ્યગ્દર્શન કોઈ આપી દેતું નથી.**

**૬૪ 'મારે પરની ચિંતાનું શું પ્રયોજન'? મારો આત્મા સદાય એકલો છે એમ જ્ઞાની જાણે છે.**

**૬૫ ચૈતન્ય તો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી ગમે તેવા ઉદયમાં સદા નિર્લેપ અલિપ્ત જ છે. પછી ચિંતા શાની ?**

**૬૬ સંસારની અનેક અભિલાષારૂપ ક્ષુધાથી દુઃખિત મુસાફર ! તું વિષયોમાં શા માટે ઝાવાં નાખે છે ? ત્યાં તારી ભૂખ ભાંગે એવું નથી.**

---

[ ઉત્કૃષ્ટ–નિર્મળ દશા....... પેજ ૧૧ થી ચાલુ ]

અમને સ્વસંવેદનની ધારા વહે છે પણ એ થોડી પાતળી ધારા છે, અમને એનાથી સંતોષ નથી, અમારે તો પૂરી ધારા પીવી છે. અમને તો દરેક સમયે પૂરણ અમૃતનું પાન હોય એવી પૂરણ દશા જોઈએ છે. અમને અમૃત–આનંદ પર્યાયમાં આવ્યો છે પણ એ બહુ પાતળી ધારા છે ને અસંખ્ય સમયે ખ્યાલમાં આવે છે, અમારે તો પ્રત્યેક સમયે પૂરણ અમૃતધારા હોય એવી દશા જોઈએ છે. એ પૂરણ દશામાં સાદિ–અનંત કાળ સુધી ને પ્રત્યેક સમયે પૂરણ અમૃત પીવાય છે ને ઘડો તો સદાય પૂરણ ભરેલો રહે છે. અલ્પ આનંદ વખતે પણ ઘડો તો પૂરણ રહે છે ને પૂરણ આનંદ આવ્યો ત્યારે પણ ઘડો તો પૂરણ રહે છે. એવો જ દ્રવ્યસ્વભાવ છે, વિસ્મયકારી દ્રવ્યસ્વભાવ છે.

ચમત્કારિક પૂરણ શક્તિવાળું શાશ્વત દ્રવ્ય છે. પર્યાયમાં પૂરણ આનંદ આવ્યો તોપણ દ્રવ્ય તો પૂરણ જ રહે છે. દ્રવ્યસ્વભાવ ને ગુણસ્વભાવ એવો જ કોઈ ચમત્કારિક છે કે સાદિ અનંતકાળ સુધી સમયે સમયે પરિપૂર્ણ આનંદ પર્યાયમાં આવવા છતાં વસ્તુ તો સદાય પરિપૂર્ણ છે. અતીન્દ્રિય આનંદ પૂરણ થયા પછી એક સમયની પર્યાયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ થાય એવો પર્યાયનો ચમત્કારિક સ્વભાવ છે. એક સમયમાં પર્યાયમાં ષટ્ગુણહાનિવૃદ્ધિ થવા છતાં અતીન્દ્રિય આનંદની પર્યાયમાં આનંદની વૃદ્ધિ કે હાનિ થતી નથી. એવી ચમત્કારિક ઉત્કૃષ્ટ નિર્મળ દશાની અમે ભાવના ભાવીયે છીએ–એમ મુનિરાજ કહે છે. આવી ભાવનાના સમયે પણ મુનિરાજની દ્રષ્ટિ તો સદાશુદ્ધ આત્મદ્રવ્ય ઉપર જ હોય છે. ❀ ❀ ❀

❀❀❀ ખેલે ખેલતાં હો રાજ ! ભાવો સરલ સરલ ઉર ઝળકે....❀❀❀

# બહાર ભીખ માગવી છોડ ને ઊંડાણથી જ્ઞાયકપણાનો અભ્યાસ કર

**કોઈ પોતે ચક્રવર્તી રાજા હોવા છતાં, પોતાની પાસે ઋદ્ધિના ભંડાર ભર્યા હોવા છતાં, બહાર ભીખ માગે, તેમ તું પોતે ત્રણલોકનો નાથ હોવા છતાં, તારી પાસે અનંત ગુણરૂપ ઋદ્ધિના ભંડાર ભર્યા હોવા છતાં, 'પર પદાર્થ મને કંઈક જ્ઞાન દેજો, મને સુખ દેજો' એમ ભીખ માગ્યા કરે છે! 'મને ધનમાંથી સુખ મળજો, મને શરીરમાંથી સુખ મળજો, મને શુભ કાર્યોમાંથી સુખ મળજો, મને શુભ પરિણામમાંથી સુખ મળજો' એમ તું ભીખ માગ્યા કરે છે! પણ બહારથી કંઈ મળતું નથી. ઊંડાણથી જ્ઞાયકપણાનો અભ્યાસ કરવામાં આવે તો અંદરથી જ બધું મળે છે. જેમ ભોંયરામાં જઈ યોગ્ય ચાવી વડે પટારાનું તાળું ખોલવામાં આવે તો નિધાન મળે અને દારિદ્ર ફીટે, તેમ ઊંડાણમાં જઈ જ્ઞાયકના અભ્યાસરૂપ ચાવીથી ભ્રાંતિરૂપ તાળું ખોલી નાખવામાં આવે તો અનંત ગુણરૂપ નિધાન પ્રાપ્ત થાય અને માગણવૃત્તિ મટે. ૪૧૪.**

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

કોઈ પોતે ચક્રવર્તી રાજા હોય ને પોતાની પાસે ભંડાર ભર્યા હોય છતાં બહાર ભીખ માંગે, તેમ રાગથી ભિન્ન અનંત આનંદ, અનંત શાંતિ આદિ અનંત ગુણનો ભંડાર તારામાં ભર્યો હોવા છતાં ને ત્રણ કાળ ત્રણ લોકનો નાથ હોવા છતાં પર પદાર્થ મને કાંઈક જ્ઞાન દેજો, સુખ દેજો–એમ ભીખ માગે છે. શાસ્ત્રથી મારામાં જ્ઞાન થાય છે, વાણીથી મને જ્ઞાન થાય છે–એમ, પોતાનામાં અનંત જ્ઞાનના ભંડાર ભર્યા હોવા છતાં, બહારમાં ભીખ માગે છે.

**❀❀❀❀ બાળાવયથી પ્રૌઢતા, વૈરાગી ગુણવંત; ❀❀❀❀**

પોતે અતીન્દ્રિય આનંદથી પૂરણ ભર્યો છે છતાં શરીરમાંથી મને સુખ મળે, સ્ત્રીમાંથી સુખ મળે, લક્ષ્મીમાંથી સુખ મળે, આબરૂથી મને સુખ મળે–એમ પરથી જ્ઞાન ને સુખની ભીખ માગે છે તે તેની ભ્રમણા છે. પોતામાં અંદર જ્ઞાન ને શાંતિ ભર્યા છે તેનો તો તેને વિશ્વાસ નથી. સ્વરૂપમાં જ્ઞાનધન ભર્યું છે તેની તો દ્રષ્ટિ નથી. તેથી મને ધનમાંથી સુખ મળી જાય, શુભ કાર્યો કરું તો તેમાંથી મને સુખ મળી જાય–એમ અજ્ઞાનથી બહારમાં ભીખ માગ્યા કરે છે.

પંચમહાવ્રતના પરિણામ, પંચ પરમેષ્ઠિના સ્મરણના પરિણામ, ભક્તિ આદિ મંદ રાગના પરિણામ–એનાથી મને સુખ મળજો. એમ ભ્રમણાથી ભીખ માગે છે પણ શુભ પરિણામ એ તો આકુળતાના ઉપજાવનારા છે. સમયસાર ૭૨ ગાથામાં કહ્યું કે કામ–ક્રોધ આદિ અશુભ પરિણામ તો દુઃખ છે જ પણ દયા–દાન આદિ શુભ પરિણામ પણ દુઃખ છે, તો એ પરિણામથી સુખ શી રીતે મળે?

દેહાદિની ક્રિયાથી કોઈ શુભ ક્રિયા હો તેનાથી ને દયા–દાન આદિ શુભ પરિણામથી મને સુખ મળજો; પણ શુભ પરિણામને તો શાસ્ત્રમાં વિષકુંભ કહ્યો છે, તેનાથી તને સુખ કેમ મળે? –એ તો ભ્રમણા છે. બહારથી તને કાંઈ મળતું નથી એટલે કે બહારથી આત્માની શાંતિ કિંચિત્ મળતી નથી પણ બહારના લક્ષે દુઃખ તો મળે છે હો!

'હું તો જાણન–દેખન સ્વરૂપ છું, હું તો જ્ઞાયકપણે છું.' એમ ઊંડાણથી જ્ઞાયકપણાનો અભ્યાસ કરે, રાગથી વિમુખ થઈને અંદરમાં જ્ઞાયકમાં અનંત અનંત ગુણોનો ભંડાર ભર્યો છે એ જ્ઞાયકપણાનો અભ્યાસ કરે. વર્તમાન પર્યાયને ધ્રુવ તરફ ઝૂકાવે તો અંદરથી જ બધું મળે.

જેમ ભોંયરામાં જઈને યોગ્ય ચાવી વડે પટારાનું તાળું ખોલે તો નિધાન મળે ને ગરીબાઈ મટે. તેમ ભેદજ્ઞાનની ચાવી દ્વારા રાગની એકતારૂપી તાળું ખોલી નાખે તો અતીન્દ્રિય આનંદ ને જ્ઞાનના નિધાન પ્રાપ્ત થાય ને પર્યાયમાં જે દીનતા છે તે નાશ પામે. અંદરમાં ધ્રુવ ચૈતન્ય ભગવાન છે ત્યાં વર્તમાન પર્યાયને લઈ જાય તો ભ્રાંતિરૂપ તાળું ખુલી જાય. ઊંડે ઊંડે તળમાં–ભોયરામાં ધ્રુવ છે તેના અભ્યાસથી એટલે કે હું તો જ્ઞાયક છું, જ્ઞાયક.....જ્ઞાયક...... જાણનાર ત્રિકાળી છું–એવી ચાવી વડે ભ્રાન્તિરૂપ તાળું ખોલી નાખે તો અનંત ગુણરૂપ નિધાન મળી જાય.

હું તો જ્ઞાયક....જ્ઞાયક....જાણનારમાત્ર છું એમ જ્ઞાયકના અભ્યાસરૂપી ચાવી વડે મિથ્યાત્વના તાળા ખોલી નાખે તો અનંત અનંત ગુણનો ખજાનો મળી જાય ને માગણવૃત્તિ ટળી જાય.

❀❀❀❀ મેરુ સમ પુરુષાર્થથી દેખ્યો ભવનો અંત. ❀❀❀❀

# ઉત્કૃષ્ટ-નિર્મળ દશાની ભાવના ભાવતાં મુનિરાજ

**મુનિરાજ કહે છેઃ-અમારો આત્મા તો અનંત ગુણથી ભરેલો, અનંત અમૃતરસથી ભરેલો, અક્ષય ઘડો છે. તે ઘડામાંથી પાતળી ધારે અલ્પ અમૃત પિવાય એવા સ્વસંવેદનથી અમને સંતોષ થતો નથી. અમારે તો પ્રત્યેક સમયે પૂરું અમૃત પિવાય એવી પૂર્ણ દશા જોઈએ છે. એ પૂર્ણ દશામાં સાદિ-અનંત કાળ પર્યંત સમયે સમયે પૂરું અમૃત પિવાય છે અને ઘડો પણ સદાય પૂરેપૂરો ભરેલો રહે છે. ચમત્કારિક પૂર્ણ શક્તિવાળું શાશ્વત દ્રવ્ય અને પ્રત્યેક સમયે એવી જ પૂર્ણ વ્યક્તિવાળું પરિણમન! આવી ઉત્કૃષ્ટ-નિર્મળ દશાની અમે ભાવના ભાવીએ છીએ. (આવી ભાવના વખતે પણ મુનિરાજની દૃષ્ટિ તો સદાશુદ્ધ આત્મદ્રવ્ય ઉપર જ છે.) ૪૧૫.**

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

મુનિરાજ કહે છે કે એટલે કે એમ જાણે છે કે અમારો આત્મા તો અનંત ગુણથી ભરેલો, અનંત અમૃતરસથી ભરપૂર અક્ષય ઘડો છે કે જેમાંથી અનંત અનંત જ્ઞાન ને આનંદ પ્રગટે તોપણ ઘડામાંથી અમૃતરસ ખૂટે નહીં. એવા ઘડામાંથી પાતળી ધારા વડે સ્વસંવેદનની અમૃતધારા પીવાથી અમને સંતોષ થતો નથી. મુનિરાજ કહે છે કે ઘડો અંદર પૂરણ છે ને તેમાંથી પાતળી વીતરાગી અમૃતધારા આવી પણ તેનાથી અમને સંતોષ નથી. ચોથા-પાંચમાં ગુણસ્થાન કરતાં તો ઘણું સ્વસંવેદન મુનિરાજને છે પણ પૂરણની ભાવના અપેક્ષાએ એ પાતળી અમૃતધારા છે. તેથી મુનિરાજને પૂરણ અમૃતધારા પીવાની ભાવના હોય છે એને અહીં મુનિપણું કહે છે, પંચ મહાવ્રત આદિના રાગની ભાવના ન હોય.

[ અનુસંધાન માટે જુઓ પેજ ૮ ]

❀❀❀❀ હૈયું ભાવભીનું હો રાજ! હરદમ 'ચેતન' 'ચેતન' ધબકે; ❀❀❀❀

## ભાઈ! તું ગફલતમાં ન રહેતો, ભવના અભાવ માટે આ ભવ છે.

**ભવભ્રમણ ચાલુ રહે એવા ભાવમાં આ ભવ વ્યતીત થવા દેવો યોગ્ય નથી. ભવના અભાવના પ્રયત્ન માટે આ ભવ છે. ભવભ્રમણ કેટલાં દુઃખોથી ભરેલું છે તેનો ગંભીરતાથી વિચાર તો કર! નરકનાં ભયંકર દુઃખોમાં એક ક્ષણ જવી પણ વસમી પડે ત્યાં સાગરોપમ કાળનાં આયુષ્ય કેમ પૂરાં થયાં હશે? નરકનાં દુઃખ સાંભળ્યાં જાય એવાં નથી. પગમાં કાંટો વાગે તેટલું દુઃખ પણ તું સહન કરી શકતો નથી, તો પછી જેના ગર્ભમાં તેનાથી અનંતાનંતગુણાં દુઃખ પડયાં છે એવા મિથ્યાત્વને છોડવાનો ઉદ્યમ તું કેમ કરતો નથી? ગફલતમાં કેમ રહે છે? આવો ઉત્તમ યોગ ફરીને ક્યારે મળશે? તું મિથ્યાત્ત્વ છોડવાને મરણિયો પ્રયત્ન કર, એટલે કે શાતા-અશાતાથી ભિન્ન તેમ જ આકુળતામય શુભાશુભ ભાવોથી પણ ભિન્ન એવા નિરાકુળ જ્ઞાયકસ્વભાવને અનુભવવાનો પ્રબળ પુરુષાર્થ કર. એ જ આ ભવમાં કરવા જેવું છે. ૪૧૬.**

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

ભવભ્રમણ ચાલુ રહે એવા ભાવમાં આ ભવ વ્યતીત થવા દેવો યોગ્ય નથી. ભવના અભાવના પ્રયત્ન માટે આ ભવ છે. ભવિષ્યનો ભવ ન રહે એવા ભવિષ્યના ભવના અભાવના પ્રયત્ન માટેનો આ ભવ છે. આ ભવ ભવને વધારવા માટેનો નથી. ભવભ્રમણ નરક ને નિગોદ આદિના કેટલાં દુઃખોથી ભરેલું છે તેનો ગંભીરતાથી વિચાર તો કર! કેટલાં

દુઃખો સહન કર્યાં! નરકના ભયંકર દુઃખોમાં કે જેની એક ક્ષણનું દુઃખ કોટિ જીભે ને કોટિ ભવે ન કહી શકાય ત્યાં સાગરોપમ કાળનાં આયુષ્ય કેમ પૂરા થયા હશે? વિચાર તો કર! અનંતવાર નરકનાં સાગરોપમ કાળનાં દુઃખ ભોગવ્યા. આહાહા! નરકનાં એક ક્ષણના દુઃખ સાંભળ્યા જાય એમ નથી.

પગમાં થોરનો એક કાંટો વાગ્યો હોય તો રાડ પાડી ઊઠે! આંખમાં જરી આકરું કણું પડયું હોય તો સહ્યું જાતું નથી! તો પછી જેના ગર્ભમાં અનંતાનંત દુઃખો પડયાં છે એવા મિથ્યાત્વને છોડવાનો ઉદ્યમ તું કેમ કરતો નથી? પર્યાયબુદ્ધિમાં તો મિથ્યાત્વ છે, તે અનંતાનંત ભવનું કારણ છે, એ મિથ્યાત્વને છોડવાને તું ઉદ્યમ કેમ કરતો નથી?

અનંત અનંત ગુણોનો સાગર એવા ભગવાન આત્માના અનંતા અનંતા ગુણથી વિરુધ્ધભાવ જે મિથ્યાત્વ તેના ગર્ભમાં અનંતાનંત ભવ પડયાં છે, તેથી પહેલા તેને છોડવા જોઈએ. અનંત ગુણના ભગવાનથી વિરુધ્ધ શ્રદ્ધારૂપ જે મિથ્યાત્વભાવ તેમાં અનંતા અનંતા ગુણોનો અનાદર છે. અનંતા ગુણનો લાભ સ્વ-આશ્રયથી થાય છે એમ ન માનતાં પર-આશ્રિત એવા રાગભાવમાં જેણે પોતાપણું માન્યું છે તેણે અનંતા ગુણોનો અનાદર કર્યો છે. અનંતાનંત ગુણ છે તેનો અનાદર કરીને રાગના એક કણને પોતાનો માન્યો એવા મિથ્યાત્વભાવમાં અનંતાનંત દુઃખો ભર્યા છે. આત્મામાં અનંતાનંત ગુણો ભર્યા છે અને તેના અનાદરરૂપ મિથ્યાત્વભાવમાં અનંતાનંત દુઃખો ભર્યા છે. તેથી એ મિથ્યાત્વભાવને છોડવાનો ઉદ્યમ કેમ કરતો નથી? ગફલતમાં કેમ રહે છે?

આવો ઉત્તમ યોગ ફરી ક્યારે મળશે? નિગોદમાંથી નીકળીને ત્રસપણું પામવું એ ચિંતામણી તુલ્ય દુર્લભ છે તો મનુષ્યપણું પામવું, જૈનધર્મ મળવો એ તો મહા દુર્લભ છે. પૈસો ને આબરૂ મળવા એ કાંઈ દુર્લભ નથી. આવો ઉત્તમ યોગ મળ્યો છે એ લાંબો કાળ નહીં રહે માટે વીજળીના ઝબકારે મોતી પરોવી લેવા જેવું છે. આવો યોગ ફરીને ક્યારે મળશે? માટે તું મિથ્યાત્વને છોડવા એક વાર મરણિયો પ્રયત્ન કર. દુનિયાના માન-સન્માન ને પૈસાનો મહિમા છોડીને દુનિયા શું કહેશે તેનું લક્ષ છોડીને મિથ્યાત્વને છોડવા એક વાર મરણિયો પ્રયત્ન કર.

અનુકૂળ શાતા ને પ્રતિકૂળ અશાતાથી તું ભિન્ન છો. અનુકૂળતા માટે તું બહારમાં

[ અનુસંધાન માટે જુઓ પેજ ૧૮ ]

❀❀❀❀ **રિદ્ધિસિદ્ધિ-નિધાન છે ગંભીર ચિત્ત ઉદાર;** ❀❀❀❀

**જેમ પુત્રમાં પિતાનો અણસાર દેખાય તેમ**

# મુનિરાજમાં જિનરાજનો અણસાર

સમ્યગ્દર્શન થયા પછી આત્મસ્થિરતા વધતાં વધતાં, વારંવાર સ્વરૂપલીનતા થયા કરે એવી દશા થાય ત્યારે મુનિપણું આવે છે. મુનિને સ્વરૂપ તરફ ઢળતી શુદ્ધિ એવી વધી ગઈ હોય છે કે તેઓ ઘડીએ ઘડીએ આત્માની અંદરમાં પ્રવેશી જાય છે. પૂર્ણ વીતરાગતાના અભાવને લીધે જ્યારે બહાર આવે છે ત્યારે વિકલ્પો તો ઊઠે છે પણ તે ગૃહસ્થદશાને યોગ્ય હોતા નથી, માત્ર સ્વાધ્યાય-ધ્યાન-વ્રત-સંયમ-તપ-ભક્તિ ઇત્યાદિસંબંધી મુનિયોગ્ય શુભ વિકલ્પો જ હોય છે અને તે પણ હઠ રહિત હોય છે. મુનિરાજને બહારનું કાંઈ જોઈતું નથી. બહારમાં એક શરીરમાત્રનો સંબંધ છે, તેના પ્રત્યે પણ પરમ ઉપેક્ષા છે. ઘણી નિઃસ્પૃહ દશા છે. આત્માની જ લગની લાગી છે. ચૈતન્યનગરમાં જ વાસ છે. 'હું ને મારા આત્માના અનંત ગુણો તે જ મારા ચૈતન્યનગરની વસ્તી છે. તેનું જ મારે કામ છે. બીજાનું મારે શું કામ છે? ' એમ એક આત્માની જ ધૂન છે. વિશ્વની વાર્તાથી ઉદાસ છે. બસ, એક આત્મામય જ જીવન થઈ ગયું છે;-જાણે હાલતા-ચાલતા સિદ્ધ! જેમ પિતાનો અણસાર પુત્રમાં દેખાય તેમ જિનભગવાનનો અણસાર મુનિરાજમાં દેખાય છે. મુનિ છઠ્ઠે-સાતમે સ્થાને ગુણ રહે તેટલો કાળ કાંઈ (આત્મશુદ્ધિની દશામાં આગળ વધ્યા વિના) ત્યાં ને ત્યાં ઊભા નથી રહેતા, આગળ વધતા જાય છે; કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી શુદ્ધિ વધારતા જ જાય છે. -આ, મુનિની અંતઃસાધના છે. જગતના જીવો મુનિની અંદરની સાધના દેખતા નથી. સાધના કાંઈ બહારથી જોવાની ચીજ નથી, અંતરની દશા છે. મુનિદશા આશ્ચર્યકારક છે, વંદ્ય છે. ૪૧૭.

['બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી]

**❀❀❀❀ ભવ્યો પર આ કાળમાં અદ્‌ભુત તુજ ઉપકાર, ❀❀❀❀**

સમ્યગ્દર્શન થયા પછી આત્મસ્થિરતા વધતાં વધતાં વારંવાર સ્વરૂપલીનતા થયા કરે, સ્વઘર જોયા પછી વારંવાર ઘરમાં જાય એવી દશા થાય ત્યારે મુનિપણું આવે છે. પહેલાં સ્વસંવેદન આવ્યું છે, એ વેદનને વધારતાં વધારતાં પ્રચૂર સ્વસંવેદન થાય ત્યારે સાચું મુનિપણું આવે છે. મુનિને સ્વરૂપ તરફ ઢળતી શુદ્ધિ એવી વધી ગઈ હોય છે કે તેઓ ઘડીએ ઘડીએ સ્વરૂપમાં પ્રવેશી જાય છે. હાલતાં–ચાલતાં ક્ષણે ક્ષણે આત્માની અંદરમાં પ્રવેશી જાય છે. પૂર્ણ વીતરાગતાના અભાવને લીધે જ્યારે બહાર આવે છે ત્યારે વિકલ્પો તો ઊઠે છે પણ તે વિકલ્પો ગૃહસ્થદશાને યોગ્ય હોતા નથી. પરંતુ માત્ર સ્વાધ્યાય–મનન–ધ્યાન–વ્રત–તપ ઇત્યાદિ સંબંધી મુનિને યોગ્ય શુભ વિકલ્પો જ હોય છે અને તે પણ હઠ રહિત હોય છે. તે સમયે સહજ વિકલ્પ દશા હોય છે, સ્વરૂપમાંથી ખસી જાય છે ત્યારે સહજ રાગ હોય છે.

મુનિરાજને બહારનું કાંઈ જોઈતું નથી. બહારમાં એક શરીરમાત્રનો સંબંધ છે પણ તેના પ્રત્યે પણ પરમ ઉપેક્ષા છે. ધન્ય તે મુનિદશા! બહારની બધી સ્પૃહા ઊડી ગઈ છે. ઘણી નિઃસ્પૃહ દશા છે. આત્માની જ લગની લાગી છે. મુનિરાજને તો અનાકુળ આનંદની લગની લાગે છે. રાગ આવે છે, હઠ વિના આવે છે પણ લગની તો અનાકુળ આનંદની હોય છે.

મુનિરાજનો વાસ તો ચૈતન્યનગરમાં જ છે. અનંતગુણોના ગ્રામમાં–નગરમાં જ વાસ છે. રાગ આવે છે પણ મુનિરાજનો વાસ તો ચૈતન્યનગરમાં જ છે. હું અને આત્માના અનંતાગુણો–એ જ મારા ચૈતન્યનગરની વસ્તી છે. તેનું જ મારે કામ છે, બીજાનું મારે શું કામ છે?–એમ એક આત્માની જ ધૂન છે. એક આત્મામય જીવન થઈ ગયું છે.

જેમ પિતાનો અણસાર પુત્રના શરીરમાં દેખાય છે તેમ જિનભગવાનનો –વીતરાગ પરમાત્માનો અણસાર મુનિરાજમાં દેખાય છે. મુનિને યોગ્ય વ્રત–તપ આદિનો રાગ આવે છતાં તે અંદર આનંદસ્વરૂપમાં વારંવાર ડૂબકી મારે છે. એના મુનિપણામાં વીતરાગી પરમાત્માનો અણસાર દેખાય છે. મુનિરાજ તો ક્ષણમાં છઠ્ઠે ને ક્ષણમાં સાતમે ગુણસ્થાને ઝુલે છે. અતીન્દ્રિય આનંદમાં ઝૂલતાં મુનિ છઠ્ઠે–સાતમે ગુણસ્થાને રહે તેટલો કાળ આત્મશુદ્ધિની દશામાં આગળ વધ્યા વિના ત્યાં ને ત્યાં રહેતા નથી.

[ અનુસંધાન માટે જુઓ પેજ ૨૬ ]

❀❀❀❀ **ચંપો મ્હોરિયો હો રાજ ! જગમાં મઘમઘ મઘમઘ મહેકે;** ❀❀❀❀

# અદ્‌ભૂત સ્વભાવ

**સિદ્ધભગવાનને અવ્યાબાધ અનંત સુખ પ્રગટ્યું તે પ્રગટ્યું. તેનો કદી નાશ થતો નથી. જેને દુઃખનાં બીજડાં જ બળી ગયાં છે તે કદી સુખ છોડીને દુઃખમાં ક્યાંથી આવે? એક વાર જેઓ ક્ષાયિક સમ્યગ્દર્શન પામીને છૂટા પરિણમે છે તેઓ પણ કદી ભેગા થતા નથી, તો પછી જે સિદ્ધપણે પરિણમ્યા તે અસિદ્ધપણે ક્યાંથી પરિણમે? સિદ્ધત્વપરિણમન પ્રવાહરૂપે સાદિઅનંત છે. સિદ્ધભગવાન સાદિ-અનંત કાળ પ્રતિસમય પૂર્ણરૂપે પરિણમ્યા કરે છે. જોકે સિદ્ધભગવાનને જ્ઞાન-આનંદાદિ સર્વ ગુણરત્નોમાં ચમક ઊઠ્યા જ કરે છે-ઉત્પાદવ્યય થયા જ કરે છે, તોપણ તે સર્વ ગુણો પરિણમનમાં પણ સદા તેવા ને તેવા જ પરિપૂર્ણ રહે છે. સ્વભાવ અદ્‌ભુત છે. ૪૧૮.**

[ ‘બહેનશ્રીનાં વચનામૃત’ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

સિદ્ધપદ કેવું હોય તેની આ વાત છે. સિદ્ધ ભગવાનને અવ્યાબાધ અનંત સુખ પ્રગટ્યું છે, તે કદી નાશ થતું નથી. જેવું દ્રવ્ય પરિપૂર્ણ ને અવિનાશી છે તેવું પરિપૂર્ણ ને અવિનાશી સુખ સિદ્ધ ભગવાનને પ્રગટ થયું છે. અનંત અનંત આનંદ જેને પ્રગટ્યો છે ને દુઃખના કારણો ટળી ગયા છે એ સિદ્ધભગવંત સુખ છોડીને દુઃખમાં ક્યાંથી આવે? અનંત આનંદ છોડીને ભગવાન ભક્તોની ભીડ–પીડા દૂર કરવા ભવ ધારણ કરે–એ કેમ બને?

એક વાર જેઓ ક્ષાયિક સમ્યગ્દર્શનમાં પરિણમે છે એવા ચોથા ગુણસ્થાનવાળો જીવ પણ કદી પાછો પડતો નથી. ક્ષાયિક સમકિતીને રાગ હોય છે છતાં એ રાગમાં

એકતા પામતા નથી તો પછી જે સિદ્ધપણે પરિણમ્યા તેને અવતાર કેમ હોય? તેને રાગની એકતાના મૂળીયા બળી ગયા છે એવો ક્ષાયિક સમ્યગ્દ્રષ્ટિ પણ રાગની એકતાપણે પરિણમતો નથી તો પછી સિદ્ધપણે પરિણમ્યા છે તે અસિદ્ધપણે કેમ થાય?

અરે! સમયસારની ૩૮ મી ગાથામાં તો કહ્યું કે જે તદ્દન અપ્રતિબુદ્ધ હતો તેને ગુરુએ સમજાવ્યો ને એ પંચમકાળનો અપ્રતિબુદ્ધ જીવ રાગથી ભિન્ન પડયો ને ક્ષયોપશમ સમકિત થયું એ જીવ પણ કહે છે કે અમને હવે ફરી મિથ્યાત્વ થવાનું નથી. અમે પંચમઆરાના છીએ છતાં અમને જે આત્મપ્રતીતિ થઈ છે તે હવે ફરી પડે એમ નથી. રાગથી ભિન્ન પડીને ભગવાનની એકતા થઈ છે તેથી હવે રાગની એકતા અમને કદી નહીં થાય. તો પછી જેને ક્ષાયિક સમકિત થયું છે તે ફરી રાગની એકતાને કેમ પામે? અને તો પછી જેને સિદ્ધપણું પ્રાપ્ત થયું છે તે ફરી રાગને પ્રાપ્ત થાય એ કેમ બને?

જેઓ ક્ષાયિક સમકિત પામ્યા છે તેઓ છૂટા પરિણમે છે એટલે કે રાગના કણથી શુદ્ધગોળો છૂટો પરિણમે છે, તો પછી જે સિદ્ધપણે થયા, અનંત અનંત જ્ઞાન-દર્શન આદિ અનંત ગુણો પર્યાયમાં જેમને પરિપૂર્ણપણે પરિણમ્યા છે એવા સિદ્ધ ભગવંતો ફરી રાગને કેમ પ્રાપ્ત થાય? એટલે કે અનંત સુખને પ્રાપ્ત એવા સિદ્ધભગવાન ફરી દુઃખને કેમ પ્રાપ્ત થાય? અર્થાત્ ભગવાન ફરીને અવતાર ધારણ કરે એમ છે નહીં.

સિદ્ધત્વપરિણમન પ્રવાહરૂપે સાદિઅનંત છે. સિદ્ધપણાની જે પર્યાય થઈ તેનો પ્રવાહ-સિદ્ધપણું સિદ્ધપણું સિદ્ધપણું એમ સાદિ-અનંત કાળ ચાલે છે. જ્યારથી સિદ્ધપણું પ્રગટ થયું ત્યારથી અનંત અનંત કાળ સુધી પ્રવાહ ચાલે છે. પ્રતિ સમયે સિદ્ધભગવાન પૂરણપણે પરિણમ્યા જ કરે છે. સિદ્ધભગવાનને જ્ઞાન આનંદ આદિ સર્વ ગુણરત્નોમાં ચમક ઊઠયા જ કરે છે એટલે કે સમયે સમયે પરિણતિ થયા જ કરે છે. એવું ને એવું એટલું ને એટલું છતાં બીજું પરિણમન થયા જ કરે છે, સાદિ અનંત કાળ પર્યંત ઉત્પાદવ્યય થયા જ કરે છે. સિદ્ધમાં પણ ઉત્પાદવ્યય થયા જ કરે છે.

અનંત અનંત ગુણો છે તે પર્યાયમાં પરિપૂર્ણપણે ચમકે છે-પરિણમે છે છતાં એ પરિપૂર્ણ પર્યાયના પરિણમનમાં પણ સર્વ ગુણો તેવા ને તેવા જ પરિપૂર્ણ રહે છે. અનંત કેવળજ્ઞાન પ્રગટયું તોપણ ગુણો પરિપૂર્ણ રહે છે ને નિગોદમાં અક્ષરના

અનંતમાં ભાગે જ્ઞાન છે તોપણ ગુણમાં કાંઈ વધ્યું નથી, ગુણ તો એવા ને એવા પરિપૂર્ણ છે. દ્રવ્યસ્વભાવ અદ્દભૂત છે અને તે સમ્યગ્દર્શનનો વિષય છે. પરિપૂર્ણપણે પરિણમનમાં પણ સર્વ ગુણો તો એવા ને એવા જ પરિપૂર્ણ રહે છે.

અલ્પજ્ઞ દશામાં પણ દ્રવ્ય–ગુણ પરિપૂર્ણ છે અને પરિપૂર્ણ પરિણમનમાં પણ દ્રવ્ય–ગુણ તો એવા ને એવા જ પરિપૂર્ણ રહે છે. એવો જ કોઈ સ્વભાવ છે. નિઃસંદેહ એવો સ્વભાવ છે. સ્વભાવની અદ્દભૂતતા છે. અનંત આનંદપણે પરિણમ્યો છતાં આનંદગુણ તો એવો ને એવો પરિપૂર્ણ રહ્યો છે. નિગોદમાં અલ્પ વીર્ય હતું તોપણ વીર્યગુણ તો એવડો ને એવડો પરિપૂર્ણ હતો ને અનંતવીર્ય પ્રગટયું ત્યારે પણ વીર્યગુણ તો એવડો ને એવડો પરિપૂર્ણપણે એવો ને એવો એનો એ છે. એવો જ કોઈ અદ્દભૂત સ્વભાવ છે.

[ ભાઈ તું ગફલતમાં ન રહેતો............... પેજ ૧૩ થી ચાલુ ]

ફાંફાં મારી રહ્યો છે કે આ હોય તો ઠીક, આ હોય તો ઠીક પણ ભાઈ તું તો શાતા–અશાતાથી ભિન્ન છો પણ આકુળતામય શુભાશુભભાવથી પણ ભિન્ન છે. એવા નિરાકુળ જ્ઞાયકસ્વભાવને અનુભવવાનો પ્રબળ પુરુષાર્થ કર. શુભાશુભભાવ આકુળતામય છે, તે અનાકુળ આત્માથી તો વિરુધ્ધ છે. તેને છોડીને આનંદસ્વરૂપ જ્ઞાયકભાવને અનુભવવાનો પ્રબળ પુરુષાર્થ કર. એ જ આ ભવમાં કરવા જેવું છે. એ ન થયું તો એણે સ્વભાવ માટે ભવ નિરર્થક ગાળ્યો ને પરિભ્રમણ માટે ભવ સાર્થક ગાળ્યો. જેમાં ભવનો અભાવ ન થાય એ કર્યેથી શું? સ્વભાવની પ્રાપ્તિ માટે ને ભવના અભાવ માટે પ્રયત્ન કર. પર તરફ લક્ષ છે તેને સ્વ તરફ ફેરવ.

નિરાકુળ જ્ઞાયકસ્વભાવને અનુભવવાનો, પ્રબળ પુરુષાર્થ કર. તને બીજું આવડે ન આવડે, લખતાં આવડે ન આવડે, તેનાથી શું પ્રયોજન છે? જ્ઞાયકસ્વભાવને જાણીને અનુભવવા પ્રબળ પ્રયત્ન કર. એ જ કરવા જેવું છે. જેના એક સમયના અનુભવ આગળ ચક્રવર્તીના રાજ પણ તુચ્છ છે એ અનુભવ માટે પ્રબળ પુરુષાર્થ કર. દુનિયામાં કેમ આગળ વધવું ને બહાર ગણતરીમાં કેમ આવવું, અરેરે! એ બધું શું છે. ભાઈ! તારા અનંતા અનંતા ગુણોની ગણતરીનો પાર નથી એવો જે જ્ઞાયકસ્વભાવ પ્રભુ તેને અનુભવવાનો પ્રયત્ન કર. એ જ આ ભવમાં કરવા જેવું છે.

**❀❀❀❀ તેજબાને મંદિરે રે કે ચોઘડિયાં વાગે સાહેલડી; ❀❀❀❀**

# અમારું આ દુઃખ કેમ મટે?

**પ્રશ્નઃ- અનંત કાળનાં દુખિયારાં અમે; અમારું આ દુઃખ કેમ મટે?**

**ઉત્તરઃ- 'હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, વિભાવથી જુદો હું જ્ઞાયક છું' -એ રસ્તે જવાથી દુઃખ ટળશે અને સુખની ઘડી આવશે. જ્ઞાયકની પ્રતીતિ થાય અને વિભાવની રુચિ છૂટે-એવા પ્રયત્નની પાછળ વિકલ્પ તૂટશે અને સુખની ઘડી આવશે. 'હું જ્ઞાયક છું' એમ ભલે પહેલાં ઉપલકપણે કર, પછી ઊંડાણથી કર, પણ ગમે તેમ કરીને એ રસ્તે જા. શુભાશુભ ભાવથી જુદા જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કરીને જ્ઞાયકની પ્રતીતિ દૃઢ કરવી, જ્ઞાયકને ઊંડાણથી પ્રાપ્ત કરવો, તે જ સાદિ-અનંત સુખ પ્રાપ્ત કરવાનો ઉપાય છે. આત્મા સુખનું ધામ છે, તેમાંથી સુખ મળશે. ૪૧૯.**

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

અનંતકાળનાં દુઃખીયારાં અમે, અમારું આ દુઃખ કેમ મટે?–એમ જેને અંતરથી દુઃખમુક્ત થવાની ભાવના છે તેને કહેવાય છે કે હું જ્ઞાયક છું, ત્રિકાળ જ્ઞાયક છું, વિભાવથી જુદો જ્ઞાયક છું. એક ન્યાયે તો ચાર ભવ પણ વિભાવ છે, વિશેષ ભાવ છે ને! ત્રિકાળી જ્ઞાયકભાવ તે સામાન્ય છે ને ઉદય આદિ ચાર પર્યાય તે વિશેષ ભાવ છે, વિભાવ છે, તે ત્રિકાળી જ્ઞાયકભાવમાં નથી. વિભાવ એટલે વિકાર એમ નહીં પણ વિશેષ ભાવ. અહીં તો પુણ્ય–પાપથી જુદો જ્ઞાયક છું એમ કહ્યું છે પણ ખરેખર તો ચાર ભાવથી પણ જુદો ત્રિકાળી જ્ઞાયકભાવ છું એમ વારંવાર રટણ કરવું. એ રસ્તે જવાથી, એ પંથે જવાથી દુઃખ ટળશે ને સુખની ઘડી આવશે, આનંદનો કાળ આવશે.

## ❀❀❀❀ કુંવરીનાં દર્શન રે કે નરનારી હરખે સાહેલડી, ❀❀❀❀

'જ્ઞાયક છું' એવી પ્રતીતિ થઈ એ કાળે જ પર્યાયમાં આનંદ આવે છે. હું જ્ઞાયક છું એવી પ્રતીતિ થઈ ત્યારે સાથે અનંત ગુણની વ્યક્તિ આવે છે. આનંદનો સાગર ભગવાન આત્મા તે હું છું એમ જ્ઞાનની પર્યાયમાં જાણ્યું ને પ્રતીતિમાં આવ્યું તે કાળે પર્યાયમાં સાથે અતીન્દ્રિય આનંદ આવે છે. ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ રુચિમાં પોસાય ને વિભાવની રુચિ છૂટે –એવા પ્રયત્નની પાછળ વિકલ્પ તૂટશે. જ્ઞાયક ચિદાનંદસ્વરૂપ આત્માની રુચિ થતાં ને વિભાવની રુચિ છૂટતાં રાગની એકતા તૂટશે ને સુખની ઘડી આવશે.

ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ છે એવી દ્રષ્ટિ થતાં રાગની એકતા તૂટશે ને સ્વભાવની શાંતિની ઘડી આવશે. સમ્યગ્દર્શન થતાં એટલે કે જ્ઞાયક સ્વરૂપની દ્રષ્ટિ થતાં, રાગની એકતા તૂટતા તને અતીન્દ્રિય આનંદનો કાળ આવશે, 'હું જ્ઞાયક છું' એમ પહેલા ઉપલકપણે કર એટલે કે વિકલ્પાત્મક કર ને પછી વર્તમાન પર્યાયને ઊંડે એટલે કે જ્યાં ધ્રુવતળ છે ત્યાં લઈ જા. પહેલાં વિકલ્પથી હું જ્ઞાયક છું એમ ત્યાં જા ને પછી વિકલ્પ તોડીને જ્યાં જ્ઞાયક છે ત્યાં જા. ગમે તેમ કરીને તે રસ્તે જા.

અનાદિથી રાગના રસ્તે છો, હવે તેના તરફથી ખસી વર્તમાન પર્યાયને ઊંડાણમાં એટલે કે ધ્રુવ છે ત્યાં લઈ જા. અંતરમાં ચૈતન્ય પરમાનંદપ્રભુ બિરાજે છે ત્યાં જા એટલે કે તેની દ્રષ્ટિ કર તો વિભાવની એકતા તૂટશે ને તને આનંદ થશે. શુભ ને અશુભ ભાવથી જુદો અંદર ભગવાન આત્મા છે. શુભ ને અશુભ વિકારી ભાવોથી જુદો અંદર જાણનસ્વભાવી જ્ઞાયક છે, તેનો જ્ઞાયકપણે અભ્યાસ કર.

જ્ઞાયકભાવનો અભ્યાસ કર. શુભાશુભથી જુદા જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કરીને જ્ઞાયકની પ્રતીતિ દ્રઢ કરવી. પહેલામાં પહેલું આ કરવું. જ્ઞાયક.... જ્ઞાયક.... જ્ઞાયક.... તેના તરફનું વલણ કરવું. જેમ ભોંયરામાં જતાં ભગવાનના દર્શન થાય તેમ વર્તમાન પર્યાયને ધ્રુવના ઊંડાણમાં લઈ જતાં જ્ઞાયકના દર્શન થશે. પર્યાયને અંદરમાં વાળીને એટલે બહાર તરફ પર્યાય ઝૂકી છે તે પર્યાય નહીં પણ પછીની પર્યાયને અંદર તરફ ઝૂકાવીને જ્ઞાયકને ઊંડાણથી પ્રાપ્ત કરવો. તે જ સાદિ અનંત સુખ પ્રાપ્ત કરવાનો ઉપાય છે.

આત્મા પોતે આનંદનું ધામ છે, તેથી તેના આશ્રયે જતાં આનંદ થશે. ભગવાન આત્મા અનાદિ અનંત આનંદનું ધામ છે, તેથી તેના આશ્રયે સાદિ અનંત આનંદ મળશે. રાગમાંથી કે પર્યાયમાંથી આનંદ નહીં મળે પણ અતીન્દ્રિય આનંદનું આખું ધામ છે તેમાંથી આનંદ મળશે, સુખ મળશે. અનંતકાળના અમ દુઃખિયારાનું દુઃખ કેમ મટે? –તેનો આ ઉત્તર કહ્યો છે.

❀❀❀❀ **વીરપુરી ધામમાં રે કે કુમકુમ વરસે સાહેલડી.** ❀❀❀❀

## ખરા જિજ્ઞાસુની ખાસ પ્રકારની પાત્રતાઃ

# મારે માત્ર આત્મા જ જોઈએ છે

**પ્રશ્નઃ–** જિજ્ઞાસુ જીવ તત્વને યથાર્થ ધારવા છતાં કેવા પ્રકારે અટકી જાય છે?

**ઉત્તરઃ–** તત્ત્વને ધારવા છતાં જગતના કોઈક પદાર્થોમાં ઊંડે ઊંડે સુખની કલ્પના રહી જાય અથવા શુભ પરિણામમાં આશ્રયબુદ્ધિ રહી જાય–ઇત્યાદિ પ્રકારે તે જીવ અટકી જાય છે. બાકી જે ખાસ જિજ્ઞાસુ–આત્માર્થી હોય અને જેને ખાસ પ્રકારની પાત્રતા પ્રગટી હોય તે તો ક્યાંય અટકતો જ નથી, અને તે જીવને જ્ઞાનની કોઈ ભૂલ રહી ગઈ હોય તો તે પણ સ્વભાવની લગનીના બળે નીકળી જાય છે; અંતરની ખાસ પ્રકારની પાત્રતાવાળો જીવ ક્યાંય અટક્યા વિના પોતાના આત્માને પ્રાપ્ત કરી લે છે. ૪૨૫.

[ 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનમાંથી ]

જિજ્ઞાસુ જીવ તત્વને ધારવા છતાં શાસ્ત્ર સાંભળીને યથાર્થ ધારવા છતાં કેવા પ્રકારે અટકી જાય છે? જિજ્ઞાસુ છે ને યથાર્થ ધાર્યું પણ છે છતાં કેવા પ્રકારે અટકી જાય છે? એમ જે જિજ્ઞાસુને પ્રશ્ન ઊઠયો છે તેને કહેવાય છે કે તત્ત્વને ધારવા છતાં એને કોઈ પણ રીતે બાહ્ય પદાર્થમાં ઊંડે ઊંડે સુખકલ્પના રહી જાય છે. જાણવામાં–ધારવામાં તો એને આવ્યું છે છતાં અયથાર્થ પ્રયોજન હોવાથી એટલે કે હું બીજાને સમજાવું ને બીજા રાજી થાય એવી જે બુદ્ધિ છે તે અયથાર્થબુદ્ધિ છે તેથી તે અજ્ઞાન છે—એમ મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહ્યું છે. કરોડો શ્લોકો ધાર્યા પણ અંદરમાં ઊંડે ઊંડે પર તરફના વલણમાં ક્યાંક ક્યાંક રાજીપો લાગે છે. પર તરફનું જ્ઞાન છે એ પરસત્તાવલંબી જ્ઞાન છે, તેમાં રાજી થાય છે કે ઘણા માણસોને સમજાવું ને તેઓ

રાજી થાય એવી સુખકલ્પના રહી જાય છે. ધારણામાં યથાર્થ હોવા છતાં અંદરમાં અયથાર્થ પ્રયોજન છે તેથી સમ્યગ્દર્શન થતું નથી.

મોક્ષમાર્ગ પ્રકાશકમાં કહ્યું છે કે મિથ્યાદ્રષ્ટિ સત્ય જાણે છતાં એ વડે અયથાર્થ પ્રયોજન સાધે છે તેથી યથાર્થ જાણપણું હોવા છતાં મિથ્યાજ્ઞાન છે. યથાર્થ ધારણામાં હોવા છતાં ઊંડે ઊંડે બહાર પડવા માટે વલખા મારે છે, ઊંડે ઊંડે બહારમાં ક્યાંક સુખની કલ્પના રહી જાય છે અથવા શુભ પરિણામમાં આશ્રયબુદ્ધિ રહી જાય છે –ઈત્યાદિ અનેક પ્રકારે તે જીવ અટકી જાય છે. પરસત્તાવલંબી જ્ઞાનમાં જે નિમગ્ન છે એ પરજ્ઞેયનિમગ્ન છે, તે સ્વજ્ઞેયનિમગ્ન નથી.

ગુણ–ગુણીના ભેદનો વિકલ્પ છે ત્યાં અટકી જાય છે પણ એની એને ખબર ન પડે. સમવસરણમાં ગયો એટલે ખ્યાલમાં તો આવી ગયું પણ અંદરમાં પર્યાયને સ્વસન્મુખમાં વાળવી જોઈએ તે ન વાળતાં પર્યાયબુદ્ધિમાં અટકી જાય છે. બાકી જે ખાસ જિજ્ઞાસુ ને આત્માર્થી હોય અને જેને અંતરમાં જવા માટેની ખાસ પ્રકારની પાત્રતા પ્રગટી છે તે તો ક્યાંય અટકતો જ નથી. ખાસ પ્રકારની પાત્રતા એટલે શું? –કે જેને માત્ર આત્મા જ જોઈએ છે, એ સિવાય માન જોઈએ કે બહાર પડવાનો ભાવ—એ કાંઈ નથી એ ખાસ પ્રકારની પાત્રતા છે.

એવા જીવને અંદર ઊંડે જ્ઞાનની કાંઈક ભૂલ રહી ગઈ હોય પણ એને ખાસ જિજ્ઞાસા હોવાથી એને ટાળી નાખશે. ખરા જિજ્ઞાસુને સ્વભાવની લગનીના બળે, જ્ઞાનની કોઈ ભૂલ રહી ગઈ હોય તો તે નીકળી જાય છે. જ્ઞાયકભાવને પકડવાની ખાસ ભાવના છે તેને કોઈ અટકવાના પ્રકારની ગંધ રહી ગઈ હોય તો તે લગનીના બળે નીકળી જાય છે.

જેને એક જ વાત છે કે મારે જ્ઞાયક–સ્વભાવ જ પકડવો છે તેવો જીવ ક્યાંય અટક્યા વિના પોતાના આત્માને પ્રાપ્ત કરી લે છે. અંતરની ખાસ પ્રકારની પાત્રતા–વાળા જીવને ક્યાંક સૂક્ષ્મ ભૂલ રહી ગઈ હોય તો નીકળી જાય છે ને આત્મા પ્રાપ્ત કરી લે છે.

**❀❀❀❀ ભરતે ભાળ્યા ભાગ્યથી, અતિશય ગુણગંભીર. ❀❀❀❀**

[ જ્ઞાનગોષ્ઠી...... પેજ ૩૫ થી ચાલુ ]

છે એમ નથી. બાહ્યદ્રષ્ટિથી જોનાર અજ્ઞાનીને નિમિત્ત દેખીને ભ્રમ પડે છે કે પાણી ઠંડું હતું ને ગરમ થયું તે નિમિત્ત આવ્યું માટે થયું છે પણ એમ નથી. ઘેર બેઠો હતો ત્યારે અશુભ પરિણામ હતા ને મંદિરે ભગવાનના દર્શન કરવા આવ્યો ત્યાં શુભ પરિણામ થયા, આમ એકદમ અશુભમાંથી શુભ પરિણામ થયા તે નિમિત્તથી થયા એમ છે જ નહિ પણ પોતાના ઉત્પાદ–વ્યય–ધ્રુવથી પોતાથી જ થયા છે. એક દ્રવ્યનું કાર્ય બીજું દ્રવ્ય બિલકુલ કરી શકતું નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતું કે સ્પર્શ કરતું જ નથી તો એક ને બીજું દ્રવ્ય કરે શું? આહાહા! આવી વસ્તુની સ્વતંત્રતા બેસી જાય તો એની દ્રષ્ટિ બહારથી ખસીને અંદરમાં વળે.

પ્રશ્નઃ–બધા શાસ્ત્રોનો સાર સ્વસન્મુખ થવાનું કહે છે તો બધા શાસ્ત્રો વાંચવાની શું જરૂર છે? સ્વસન્મુખ થવાનો જ પ્રયત્ન કરીએ?

ઉત્તરઃ–સ્વસન્મુખ થવાનો જ પ્રયત્ન કરવાનો છે પણ સ્વસન્મુખ ન થવાતું હોય ને અનેક પ્રકારથી અટકવાના શલ્ય પડયા હોય ત્યારે શાસ્ત્ર વાંચવાનો વિકલ્પ આવે છે, આવ્યા વિના રહેતો નથી અને શાસ્ત્ર પણ સ્વસન્મુખ થવાનું જ કહે છે.

* આહાહા! નરકના દુઃખો! એ કરોડો જીભથી, કરોડો ભવમાં પણ કહી ન શકાય એવા દુઃખો એણે અનંતવાર ભોગવ્યા છે પણ અહીં જ્યાં પાંચ પચ્ચીસ લાખ રૂપિયા આદિની અનુકૂળતા મળી ત્યાં તો બધું ભૂલી જાય. અરેરે! એણે એને મારી નાખ્યો! (એણે એને કચરી નાખ્યો!) અરેરે! આત્માને ઓળખ્યા વિના ચાલ્યો જશે ચારગતિમાં રખડવા. આ તત્ત્વની સત્યવાત તો ભાગ્યશાળી હોય તેને કાને પડે તેવી છે.

* દરેક દ્રવ્ય પોતાના ઉત્પાદ–વ્યય–ધ્રુવમાં રહીને પોતપોતાનું કાર્ય કરે છે એમ નિર્ણય કરે એટલે ખરેખર તો એ જ્ઞાતા–દ્રષ્ટા જ થઈ ગયો.

* સતી આ સત્ નવ છોડીએ, સત્ છોડયે સત્ જાય. એમ ઉત્પાદ–વ્યય–ધ્રુવયુક્તમ સત્ છે. દરેક પર્યાયનો ઉત્પાદ પોતાથી સત્ છે. એ સત્ પર્યાયને આડી–અવળી કરીશ નહિ. બીજાથી સત્ પર્યાયનો ઉત્પાદ થાય તેમ માનીશ નહિ. જે પર્યાયનો ઉત્પાદ થાય છે તે પૂર્વ પર્યાયના વ્યયથી–અભાવથી થાય છે પણ નિમિત્તથી ઉત્પાદ થતો નથી. ભાઈ! સુખી થવું હોય તો સત્ જેમ છે તેમ તારી શ્રદ્ધા રાખજે. આહાહા! આવી સ્વતંત્રતાની વાત જૈનદર્શન વિના બીજે ક્યાંય નથી.

* પાણી ઉષ્ણ થયું તે પૂર્વની ઠંડી પર્યાયના

વ્યયથી થયું છે પણ અગ્નિથી ઉષ્ણ થયું નથી. માટીના પિંડનો વ્યય તે ઘડાની ઉત્પત્તિનું કારણ છે પણ કુંભારથી ઘડો થયો નથી. રોટલીની ઉત્પત્તિનું કારણ પૂર્વના પિંડનો વ્યય તે રોટલીની ઉત્પત્તિનું કારણ છે, પણ જોડે રહેલ વેલણ, ચૂલો, અગ્નિ કે બાઈ કારણ નથી. ભગવાનના દર્શન થયા માટે શુભભાવ ઉત્પન્ન થયો તેમ નથી પણ પૂર્વની પર્યાયના અભાવથી શુભભાવનો ઉત્પાદ થયો છે. ભગવાનના નિમિત્તથી શુભનો ઉત્પાદ થયો નથી. સમ્યગ્દર્શન પર્યાયનો ઉત્પાદ તે પૂર્વની મિથ્યાત્વ પર્યાયના અભાવથી થયો છે, પણ જોડે રહેલા દેવ–ગુરુના નિમિત્તથી થયો નથી. ( સર્ગ ) ઉત્પાદ ( સંહાર ) વ્યય વિના હોતા નથી અને ઉત્પાદ તથા વ્યય ધ્રુવ વિના હોતો નથી. સર્ગ ને સંહાર એટલે ઉત્પાદ ને વ્યય તે ધ્રુવને પ્રકાશે છે–પ્રસિદ્ધ કરે છે, આ જાણવાનું પ્રયોજન ધ્રુવ ઉપર દ્રષ્ટિ કરવાની છે.

* લાખ પરદ્રવ્યનો આશ્રય કરે તોપણ ધર્મની શરૂઆત થાય નહિ, પણ એક સ્વદ્રવ્યનો આશ્રય કરે તો ધર્મની શરૂઆત થાય.

* જેને આત્માનો વિશ્વાસ આવ્યો એને કોઈ વિઘ્ન જ નથી એવી એ ચીજ છે.

* જૈન કુળમાં જન્મ થવો અને સત્ય સાંભળવાનું મળવું એ મહા દુર્લભ છે. એવા દુર્લભ કાળમાં ભાઈ! દુર્લભ વસ્તુને પ્રાપ્ત કરી લે! આવા ટાણા ફરી ક્યારે મળશે?

* જે રીતે પર્યાય દ્રવ્ય તરફ ઢળે એ રીતે વાંચન, વિચાર, મનન, શ્રવણ બધું કરવું જોઈએ. મૂળ પ્રયોજન તો દ્રવ્ય તરફ ઢળવું એ જ છે.

* શુદ્ધનયનો આશ્રય કરીને પ્રગટ થતું જ્ઞાન તે ઉદ્ધત જ્ઞાન છે, તે જ્ઞાન કોઈનું દબાવ્યું દબાતું નથી. કોઈને શાસ્ત્રનું ઘણું જ્ઞાન જોઈને ઉદ્ધતજ્ઞાન દબાઈ જતું નથી એટલે કે એને સમ્યગ્જ્ઞાન માનતું નથી કે પોતાને ઓછું જ્ઞાન હોય તોપણ તેની હીણપ વેદતું નથી. ઉદ્ધત થએલું જ્ઞાન અંતર એકાગ્રતાનો જ સદાય અભ્યાસ કરીને આનંદને અનુભવે છે. જ્યાં અમૃતનો સાગર ભર્યો છે, જ્યાં અનંત આનંદ ભર્યો છે, જ્યાં અનંત શાંતિ ભરી છે, જ્યાં પ્રભુત્વ આદિ અનંતી શક્તિઓ પડી છે, જેના ચમત્કારનો પાર નથી, એવા આત્માનું જ્ઞાન થાય તે જ્ઞાન તેમાં એકાગ્રતા કરતું કરતું આનંદ ને શાંતિ વેદે છે.

* ખરેખર એક વસ્તુ બીજી વસ્તુની નથી તેથી બન્નેના પ્રદેશ ભિન્ન છે. આત્મ–વસ્તુથી શરીરાદિ પરદ્રવ્યો તો ભિન્ન છે જ પણ અહીં તો મિથ્યાત રાગ–

દ્વેષના જે પરિણામ છે તે નિર્મળાનંદપ્રભુ એવા આત્માથી ભિન્ન સ્વરૂપે છે. તેથી પુણ્ય–પાપ ભાવ તે આત્માથી ભાવે ભિન્ન છે, ભાવે ભિન્ન હોવાથી તેના પ્રદેશ પણ ભિન્ન છે. અસંખ્ય પ્રદેશી આત્મા છે તેનાથી આસ્રવના પ્રદેશ ભિન્ન છે, એ છે તો જીવના અસંખ્ય પ્રદેશમાં જ, પણ નિર્મળાનંદપ્રભુ અસંખ્ય પ્રદેશી ધ્રુવ છે તેનાથી આસ્રવભાવના પ્રદેશ ભિન્ન છે. તેથી તેના પ્રદેશને ભિન્ન કહ્યા છે અને આત્માના આશ્રયે પ્રગટેલી નિર્મળપર્યાય છે તેને પણ આસ્રવ વસ્તુથી ભિન્ન કહી છે. ભાવે ભિન્ન હોવાથી તેના પ્રદેશને પણ ભિન્ન કહીને વસ્તુ જ ભિન્ન છે તેમ કહ્યું.

* સમ્યગ્દ્રષ્ટિ પાંચ ઇન્દ્રિયના વિષયના અશુભ રાગમાં આવે છે પણ ત્યાંથી ખસીને ધ્યાનમાં બેસતા નિર્વિકલ્પમાં જામી જાય છે; એનું કારણ એનું જોર પૂર્ણવસ્તુ ઉપર છે, વચ્ચે વિકલ્પ આવ્યો પણ એનાથી તરતો... તરતો.... તરતો છે.

* શાસ્ત્રોના લખાણમાં વ્યવહારના કથનમાં એમ આવે કે જીવને અન્ય દ્રવ્યો ઉપકાર કરે છે એટલે એનો અર્થ એ છે કે એક દ્રવ્યના કાર્યકાળે બીજા દ્રવ્યની પર્યાય નિમિત્ત માત્ર ઉપસ્થિતિ માત્ર ધર્માસ્તિકાયવત્ છે તે જ ઇષ્ટોપદેશમાં કહ્યું છે. સમયસાર ગાથા ત્રીજીમાં કહ્યું છે ને! કે એક દ્રવ્ય પોતાના ગુણ પર્યાયને સ્પર્શે છે પણ બીજા દ્રવ્યને સ્પર્શતું કે અડતું નથી. એક દ્રવ્યની પર્યાયમાં બીજા દ્રવ્યની પર્યાયનો અત્યંત અભાવ છે તે બીજાને કરે શું?

* પ્રભુ! તું સર્વને જાણનાર દેખનાર સ્વરૂપે પૂરો છો ને! પણ તારા પૂર્ણ સ્વરૂપને નહિ જાણતાં એકલા જ્ઞેયને જાણવા દેખવા રોકાઈ ગયો તે તારો અપરાધ છે. પુણ્ય–પાપના ભાવને કરવા અને જાણવા દેખવા રોકાઈ ગયો ને પોતાના જાણવા દેખવાના સ્વભાવને ભૂલી ગયો તે તારો અપરાધ છે. પુણ્ય–પાપ એ જ અને એટલું જ મારું જ્ઞેય છે એમ માનીને તેને જ જાણવામાં રોકાઈ ગયો ને પોતાના પૂરણ જાણવાના સ્વભાવને ભૂલી ગયો એ તારો અપરાધ છે. કર્મના કારણે તારા પૂરણ સ્વભાવને જાણતો નથી એમ નથી, પણ એ તારો પોતાનો જ અપરાધ છે.

* ગમે તેવી કટોકટીમાંથી પોતાના જ્ઞાન–ધ્યાનનો સમય ખેંચીને કાઢી લેવો. અમૂલ્ય જીવન ચાલ્યું જાય છે. અનેક પ્રકારની પ્રતિકુળતા આવી પડે, પુત્રાદિનું મરણ થાય, શરીરમાં રોગ આકરા આવી પડે, અન્ય અનેક પ્રકારની પ્રતિકૂળતા આવી જાય તોપણ પોતાના

જ્ઞાન–ધ્યાનનો સમય કાઢી લેવો. જીવન વ્યર્થ જવા ન દેવું.

* દેહ, સ્ત્રી, પુત્રાદિ બંધુ તો પરજ્ઞેય છે, તેને જાણવામાં તું રોકાઈ ગયો, પણ તે જાણનારને તો તેં જાણ્યો નહિ. તું કોણ છો એને જોતો નથી અને જે તારાથી ભિન્ન છે તેને જોવામાં ને તેને કરવામાં તું રોકાઈ ગયો, પણ ભાઈ! તું અંદરમાં મુક્તસ્વરૂપ ભગવાન પુરો છો. એને તો એક વાર જો! તારું જોવું સફળ થશે ને તને આનંદામૃતનો અનુભવ થશે ને ભવ–ભ્રમણથી તારો છૂટકારો થશે.
* આત્માના ગુણ ગાતાં ગાતાં ભગવાન થઈ જાય છે. કોઈ ક્રિયાકાંડ કરતાં કરતાં ભગવાન થવાતું નથી પણ ગુણી એવા ભગવાનના ગુણ ગાતાં ગાતાં મહિમા કરતાં કરતાં ભગવાન થઈ જાય છે. અનંત ગુણોનો મહિમા કરતાં કરતાં અનંતા જીવો કેવળી થઈ ગયા. અનંત ગુણરત્નોના ઓરડા ખુલ્લા થઈ ગયા. ભાઈ! તું પામર નથી પણ ભગવાન છો, એના સ્વરૂપના ગુણ ગાન કર.

[ મુનિરાજમાં જિનરાજનો અણસાર....... પેજ ૧૫ થી ચાલુ ]

છઠ્ઠે–સાતમે ગુણસ્થાને રહેવા છતાં અંદરમાં શુદ્ધિની દશા વધતી જાય છે. કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી મુનિરાજ શુદ્ધિ વધારતા જ જાય છે. મુનિરાજની આ અંતઃસાધના છે. જગતના જીવો મુનિની અંદરની સાધના દેખતા નથી. સાધના કાંઈ બહારથી જોવાની ચીજ નથી કેમ કે એ તો અંતરની દશા છે. જંગલમાં એકલા વિચરતાં હોય; વાઘ–સિંહની ત્રાડ પડતી હોય, માથે પાણી પડતા હોય ને શરીરમાં રોગ હોય છતાં મુનિરાજને તો એની કાંઈ ખબરે હોતી નથી ને અંતરમાં તલ્લીન થઈ ગયા હોય છે. એવા મુનિને શુદ્ધિ તો વધે જ છે. અંદરમાં શુદ્ધતા તરફનું જોર ચાલે છે તે વધતું જ જાય છે.

શરીરમાં દમ થાય, ક્ષય થાય કે કંપવા થાય પણ મુનિ તો અંતર દશામાં નિઃશંકપણે વર્તે છે. રાગની એકતા તોડીને સ્વભાવની એકતાના નિધાન ખોલ્યા છે એ નિધાન ખોલતા જ જાય છે. એ મુનિદશા છે, એ કાંઈ બહારથી જોવાની ચીજ નથી પણ અંતરની દશા છે. મુનિદશા અદ્ભુત આશ્ચર્યકારક છે, પૂજ્ય છે, વંદ્ય છે.

❀❀❀❀ **ફૂલની સુવાસતા રે કે બેનીબાના બોલે સાહેલડી....** ❀❀❀❀

# * ક્રમબદ્ધપર્યાય: એક અનુશીલન *

અહીં ક્ષેત્રના નિયમિતક્રમના માધ્યમ દ્વારા કાળ ( પર્યાય ) સંબંધી નિયમિતક્રમને સ્પષ્ટ કરવામાં આવેલ છે. કારણ કે ક્ષેત્ર સંબંધી ક્રમનિયમિતતા સહેલાઈથી સમજી શકાય છે.

જેવી રીતે દ્રવ્યને આખાય વિસ્તારક્ષેત્રરૂપે લક્ષમાં લેવામાં આવે તો તેનું આખુંય ક્ષેત્ર એક જ છે; તેવી જ રીતે દ્રવ્યને–ત્રણે કાળના પરિણામોને એક સાથે લક્ષમાં લેતાં તેનો કાળ ત્રૈકાળિક એક છે; છતાં પણ જેવી રીતે ક્ષેત્રમાં એક નિયમિત પ્રદેશક્રમ છે, તેવી જ રીતે કાળ ( પર્યાય )માં પણ પર્યાયોનો એક નિયમિત પ્રવાહક્રમ છે.

જેવી રીતે દ્રવ્યના વિસ્તારક્રમનો અંશ પ્રદેશ છે; તેવી જ રીતે દ્રવ્યના પ્રવાહ–ક્રમનો અંશ પર્યાય છે.

જોકે આ કથન સર્વ દ્રવ્યોની અપેક્ષાએ છે પણ અહીં વિસ્તારક્રમને જો આકાશ–દ્રવ્યની અપેક્ષાએ સમજીએ તો સગવડ રહેશે. જેમ અનંતપ્રદેશી આકાશનો જે પ્રદેશ જ્યાં સ્થિત છે, તે ત્યાંજ રહે છે, તેનું સ્થાન પરિવર્તન સંભવ નથી; તેવી જ રીતે બધા જ દ્રવ્યોમાં પ્રદેશોનો ક્રમ નિયમિત છે. એ જ વાત અહીં મોતીઓના હારના દ્રષ્ટાંત દ્વારા સ્પષ્ટ કરવામાં આવી છે કે મોતીઓના હારમાં જે મોતી જ્યાં સ્થિત છે, તેના સ્થાનનું ક્રમપરિવર્તન સંભવ નથી.

જોકે આકાશ અચળ ( નિષ્ક્રિય ) દ્રવ્ય છે અને જીવ તથા પુદ્ગલ સચલ ( સક્રિય ) દ્રવ્ય છે; તોપણ ઝૂલતા હારની વાત કહીને એ સ્પષ્ટ કરી દેવામાં આવ્યું છે કે જેમ ઝૂલતા હારમાં પણ મોતીઓનો સ્થાનક્રમ બદલાઈ જતો નથી, તેવી જ રીતે સક્રિય જીવોમાં પ્રદેશોનો ક્રમ પલટતો નથી.

જેવી રીતે આકાશાદિ દ્રવ્યોનો વિસ્તારક્રમ નિયમિત છે; તેવી જ રીતે તેમનો પ્રવાહક્રમ પણ નિયમિત છે. જેવી રીતે નિયમિત વિસ્તારક્રમમાં ફેરફાર સંભવિત નથી; તેવી જ રીતે નિયમિત પ્રવાહક્રમમાં પણ ફેરફાર સંભવિત નથી. જેવી રીતે પ્રત્યેક પ્રદેશનું સ્વ–સ્થાન નિશ્ચિત છે; તેવી જ રીતે પ્રત્યેક પરિણામ ( પર્યાય )નો સ્વકાળ પણ નિશ્ચિત છે.

જેમ ચિત્રપટના રીલની લંબાઈ એક છે, તે લંબાઈમાં જ્યાં જે ચિત્ર સ્થિત છે; તે ત્યાં જ રહે છે, તેનું સ્થાન પરિવર્તન સંભવિત નથી; તેવી જ રીતે ચાલતા રીલમાં

કયું ચિત્ર કયા ક્રમમાં આવશે એ પણ નિશ્ચિત છે, તેમાં પણ ફેરફાર સંભવિત નથી. આગળ કયું ચિત્ર આવશે–તેનું જ્ઞાન ભલે આપણને ન હોય, પણ તેથી કોઈ ફરક પડતો નથી, આવશે તો તે પોતાના નિયમિત ક્રમમાં જ.

જેમ દાદરા ઉપર પગથિયાનો ક્ષેત્રની અપેક્ષાએ એક ન બદલાય તેવો નિશ્ચિત ક્રમ હોય છે; તેવી જ રીતે તેના ઉપર ચડવાનો એક ન બદલાય તેવો કાળક્રમ પણ હોય છે. જેમ તેમના ઉપર ક્રમપૂર્વક જ ચાલીને જઈ શકાય છે; તેવી જ રીતે તેમના ઉપર ચડવાનો કાળક્રમ પણ છે.

જેમ જેટલા લોકાકાશના પ્રદેશો છે, તેટલા જ એક જીવના પણ પ્રદેશો છે; તેવી જ રીતે ત્રણ કાળના જેટલા સમયો છે, તેટલી જ પ્રત્યેક દ્રવ્યની પર્યાયો છે. એક–એક સમયની એક–એક પર્યાય નિશ્ચિત છે. જેમ લોકાકાશના એક–એક પ્રદેશ ઉપર એક–એક કાળાણું ખચિત છે; તેવી જ રીતે ત્રણે કાળના એક–એક સમયમાં પ્રત્યેક દ્રવ્યની એક–એક પર્યાય ખચિત છે; તો પછી તેમાં અદલા બદલીનું કયું કામ બાકી રહી જાય છે? આના સંદર્ભમાં ટીકામાં આવેલ આ વાકય પણ ધ્યાન દેવા યોગ્ય છે કે ‘પ્રત્યેક પરિણામ પોત–પોતાના અવસરે જ પ્રગટ થાય છે. ’

આ બધા ઉપરથી એ જ નિષ્કર્ષ નીકળે છે કે જે દ્રવ્યની જે પર્યાય, જે સમયે, જે કારણે થવાની છે, તે તે પ્રમાણે જ થાય છે.

પ્રસિદ્ધ તાર્કિક શ્રી સમન્તભદ્રાચાર્ય સ્વયંભૂસ્તોત્રમાં ભગવાનને સંબોધિત કરતાં કહે છે કે હે જિનદેવ! આપે એ બરાબર જ કહ્યું છે કે હેતુદ્વયથી ઉત્પન્ન થનારું કાર્ય જ જેનું જ્ઞાયક છે એવી જે ભવિતવ્યતા, તેની શક્તિ અલંઘ્ય છે અર્થાત્ તેની શક્તિનું ઉલ્લંઘન કરી શકાતું નથી, જે થવાનું હોય છે, તે થઈને જ રહે છે. છતાં પણ આ નિરીહ સંસારી પ્રાણી ‘હું આ કાર્ય કરી શકું છું’ –આ જાતના અહંકારથી પીડિત રહે છે, જ્યારે ભવિતવ્યતા વિના અનેક સહકારી કારણો મેળવીને પણ કાર્ય સંપન્ન કરવામાં સમર્થ થતા નથી. (૩૩).

શ્રી પદ્મનંદિ મુનિરાજ લખે છેઃ–

મનુષ્ય મનમાં પ્રતિદિન પોતાના કલ્યાણનો જ વિચાર કરે છે, પરંતુ આવેલી ભવિતવ્યતા તે જ કરે છે કે જે તેને રુચે છે. તેથી સજ્જન પુરુષ રાગ–દ્વેષ રૂપી વિષ રહિત થતા થકા મોહના પ્રભાવથી અતિશય વિસ્તાર પામનાર ઘણા વિકલ્પો છોડીને

સદા સુખપૂર્વક સ્થિત રહે.[1]

પંડિતપ્રવર આશાધરજી ‘અધ્યાત્મ–રહસ્ય’ માં લખે છેઃ–

જો સદ્ગુરુનાં ઉપદેશથી જિનશાસનનું રહસ્ય આપે બરાબર નિશ્ચિત કર્યું હોય, સમજ્યા હો–તો ‘હું કરૂં છું’ આ અહંકારપૂર્ણ કર્તૃત્વની ભાવના છોડો અને ભગવતી ભવિતવ્યતાનો આશ્રય ગ્રહણ કરો. ( ૬૬ ).

ઉક્ત છંદમાં ભવિતવ્યતાને ભગવતી કહેવામાં આવેલ છે. આ છંદની વ્યાખ્યામાં શ્રી યુગલકિશોરજી મુખ્તાર લખે છેઃ–

“ભગવાન સર્વજ્ઞના જ્ઞાનમાં જે કાર્ય, જે સમય, જ્યાં જેના દ્વારા જે પ્રકારે થવું ઝળકયું છે તે તે જ સમયે, ત્યાં જ, તેના જ દ્વારા અને તે જ પ્રકારે સંપન્ન થશે. આ ભવિષ્ય–વિષયક કથનથી ભવિતવ્યતાના ઉક્ત આશયમાં કોઈ અન્તર પડતું નથી. કેમ કે સર્વજ્ઞના જ્ઞાનમાં તે કાર્યની સાથે તેનો કારણ–કલાપ પણ ઝળક્યો છે, સર્વથા નિયતિવાદ અથવા હેતુ વિનાની ભવિતવ્યતા કે જે અસંભવિત છે, તે કથનનો વિષય જ નથી. એ સિવાય સર્વજ્ઞના જ્ઞાનાનુસાર પદાર્થોનું પરિણમન નથી થતું, પરંતુ પદાર્થોના પરિણમન અનુસાર સર્વજ્ઞના જ્ઞાનમાં પરિણમન અથવા ઝળકાવ થાય છે. જ્ઞાન જ્ઞેયાકાર છે નહિ કે જ્ઞેય જ્ઞાનાકાર.”[2]

આચાર્યકલ્પ પંડિત ટોડરમલજીએ પોતાના મોક્ષમાર્ગપ્રકાશકમાં અનેક સ્થળોએ આની ચર્ચા કરી છે. તેમના કેટલાક કથન આ રીતે છેઃ–

“આ રીતે ક્રોધથી બુરું ચાહવાની ઇચ્છા તો હોય, ( પણ ) બુરું થવું ભવિતવ્યને આધીન છે....આ રીતે માનથી પોતાની મહંતતાની ઇચ્છા તો હોય, ( પણ ) મહંતતા થવી ભવિતવ્યને આધીન છે.....આ રીતે માયાથી ઇષ્ટસિદ્ધિને અર્થે છળ તો કરે, પરંતુ ઇષ્ટસિદ્ધિ થવી ભવિતવ્યને આધીન છે.....આ રીતે લોભથી ઇષ્ટપ્રાપ્તિની ઇચ્છા તો થાય, પરંતુ ઇષ્ટપ્રાપ્તિ થવી ભવિતવ્યને આધીન છે.”[3]

કષાયપાહુડ અને ધવલમાં પણ કહ્યું છેઃ–

---

૧. પદ્મનંદિપંચવિંશતિકાઃ અધ્યાય ૩, શ્લોક ૫૩

૨. અધ્યાત્મ–રહસ્ય, પૃષ્ઠ ૮૩–૮૪; વીરસેવા મંદિર, ૨૧ દરિયાગંજ, દિલ્હી

૩. મોક્ષમાર્ગ પ્રકાશક, પૃષ્ઠ ૩૯

પ્રશ્નઃ– આ ( છાસઠ ) દિવસોમાં દિવ્યધ્વનિની પ્રવૃત્તિ કેમ ન થઈ ?

ઉત્તરઃ– ગણધરનો અભાવ હોવાને કારણે.

પ્રશ્નઃ– સૌધર્મ ઇન્દ્રે તે જ વખતે ગણધરને ઉપસ્થિત કેમ ન કર્યાં ?

ઉત્તરઃ– ન કર્યા, કેમ કે કાળલબ્ધિ વિના અસહાય સૌધર્મ ઇન્દ્રને, તેમને ઉપસ્થિત કરવાની શક્તિનો તે વખતે અભાવ હતો. *

કાર્તિકેયાનુપ્રેક્ષાના ઉલ્લિખિત ઉદ્ધરણમાં તો અત્યંત સ્પષ્ટ શબ્દોમાં કહેવામાં આવ્યું છે કે જેનું જે પરિણમન જે દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ અનુસાર થવું જિનેન્દ્રદેવે જોયું છે, તેને ઇન્દ્ર તો શું સ્વયં જિનેન્દ્ર પણ ટાળી શકતા નથી.

આ બાબતમાં કેટલાક લોકો કહે છે કે એ તો બિલ્કુલ બરાબર છે કે જિનેન્દ્રદેવ ટાળી શકતા નથી કેમ કે જૈન માન્યતાનુસાર જિનેન્દ્ર ભગવાન જગતના માત્ર જ્ઞાતા–દ્રષ્ટા છે, કર્તા–હર્તા નથી; પણ ભગવાન ટાળી શકતા નથી, તો શું અમે પણ નથી ટાળી શકતા ? જો આપણે પણ ન ટાળી શકતા હોઈએ તો પછી આપણે તો ભગવાનના જ્ઞાનને આધીન થઈ ગયા. જેવું તેમણે જાણી લીધું, તેવું જ આપણે કરવું પડશે; અથવા આપણું પરિણમન તેવું જ થશે કે જેવું ભગવાને જાણ્યું હોય. તેમનું આ કહેવું બરાબર નથી, કેમ કે વસ્તુનું પરિણમન ભગવાનના જ્ઞાનને આધીન નથી. જે રૂપે વસ્તુ સ્વયં પરિણમી હતી, પરિણમી રહી છે અને પરિણમશે; ભગવાને તો તેને તે રૂપે માત્ર જાણી છે. જ્ઞાન તો પરને માત્ર જાણે છે, પરિણમાવતા નથી.

જેમ જ્ઞાનને આધીન વસ્તુ નથી, તેવી જ રીતે વસ્તુને આધીન જ્ઞાન પણ નથી. બન્નેનું સ્વતંત્ર પરિણમન પોત–પોતાના કારણે થાય છે.

મારા સમજવામાં એ નથી આવતું કે જ્ઞાન દ્વારા જાણી લેવા માત્રથી વસ્તુની સ્વતંત્રતા કેવી રીતે ખંડિત થઈ જાય છે. સ્વતંત્રતા જ્ઞાનથી નહિ, પોતાના અજ્ઞાનથી ખંડિત થાય છે. જ્ઞાન તો વસ્તુના પરિણમનમાં કોઈ પણ પ્રકારનો હસ્તક્ષેપ કર્યા વિના માત્ર તેને જાણે છે.

બીજું એ કહેવું કેટલું હાસ્યાસ્પદ છે કે જે ભગવાને જાણ્યું છે, તેમાં તે પોતે ભલે કોઈ પરિવર્તન ન કરી શકે, પણ હું તો કરી શકું છું. એ ભગવાનથી પણ મોટો થઈ ગયો. જે કાર્ય અનન્તવીર્યના ધણી ભગવાન પણ કરી શકતા ન હોય, તે કાર્ય આ

---

* જૈનેન્દ્ર સિદ્ધાન્તકોશ, ભાગ ૨, પૃષ્ઠ ૬૧૪

અલ્પવીર્યવાન હોવા છતાં પણ કરી બતાવવા ઇચ્છે છે.

આમાં જો કોઈ કહે કે ભગવાન તો વીતરાગી અને સર્વજ્ઞ છે. વીતરાગી હોવાથી તેમને કાંઈ પણ કરવાની આકાંક્ષા નથી અને સર્વજ્ઞ હોવાથી જે કાંઈ જેમ થવાનું છે, તે બધું તેઓ જાણે છે; તેથી તેમને કાંઈ ફેર–ફાર કરવાનો વિકલ્પ ઉઠતો નથી, પણ આપણે તો રાગી–દ્વેષી અને અલ્પજ્ઞ છીએ. ન તો આપણે ભવિષ્યની વાત જાણીએ છીએ અને આપણને કાંઈક કરી દેખાડવાની તમન્ના પણ છે. તેથી આપણી તુલના વીતરાગી–સર્વજ્ઞ ભગવાન સાથે કેમ કરો છો ?

તેને કહીએ છીએ કે અહીં આચાર્યદેવે ‘ભગવાન પરના કર્તા નથી’ માત્ર એટલી વાત નથી કરી, પરંતુ **‘इन्दो वा’** શબ્દ દ્વારા ઇન્દ્ર પણ નથી કરી શકતો અર્થાત્ કોઈ પણ નથી કરી શકતા–વાળી વાત પણ કહી છે.

જિનેન્દ્ર નથી કરી શકતા અર્થાત્ સર્વજ્ઞ અને વીતરાગી નથી કરી શકતા અને ઇન્દ્ર નથી કરી શકતા અર્થાત્ રાગી અને અલ્પજ્ઞ નથી કરી શકતા. ‘જિનેન્દ્ર’ ની સામે ‘ઇન્દ્ર’ શબ્દનો પ્રયોગ કરી આચાર્ય બધા અલ્પજ્ઞો અને રાગીઓની વાત કરે છે કેમ કે રાગીઓ અને અલ્પજ્ઞોમાં ઇન્દ્ર જ સર્વ શક્તિશાળી છે. ઉક્ત શંકાના સમાધાન માટે જ ‘ઇન્દ્ર’ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે. પણ આ અજ્ઞાની જગતને ભગવાનની નહિ, પોતાની ચિન્તા છે. તેથી તો કહે છે કે ભલે ભગવાન ન કરી શકે, પણ હું તો કરી શકું છું.

ક્રમબદ્ધપર્યાયના પોષક ઉક્ત કથનનો ઉદ્દેશ્ય જ પર–કર્તૃત્વનો નિષેધ છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કર્તા–હર્તા–ધર્તા નથી–આ માન્યતા જ જૈનદર્શનનો મૂળાધાર (કરોડરજ્જુ) છે.

પ્રત્યેક દ્રવ્ય પોતાની પર્યાયનો કર્તા સ્વયં છે. પરિણમન તેનો ધર્મ છે. પોતાના પરિણમનમાં તેને પરદ્રવ્યની જરાય અપેક્ષા નથી. નિત્યતાની જેમ પરિણમન પણ તેનો સહજ સ્વભાવ છે. અથવા પર્યાયનો કર્તા સ્વયં પર્યાય છે. તેમાં તારે કાંઈ પણ કરવાનું નથી, અર્થાત્ કાંઈ પણ કરવાની ચિંતા કરવાની નથી. અજીવ દ્રવ્યો પરમાં તો કાંઈ કરતા જ નથી; પોતાની પર્યાયો કરવાની ચિંતા પણ નથી કરતા; તેથી શું તેમનું પરિણમન અટકી જાય છે ? ના; તો પછી જીવ પણ શા માટે પરિણમનની ચિંતામાં વ્યર્થ જ આકુળ–વ્યાકુળ થાય છે ?

પ્રત્યેક દ્રવ્ય પોતાની પર્યાયના કર્તૃત્વમાં અથવા તે પર્યાય જ પોતાના પરિણ–

❀❀❀❀ જ્ઞાયકની ઉગ્રતા રે કે નિત્ય વૃધ્ધિપામે સાહેલડી, ❀❀❀❀

મનમાં પૂરેપૂરી સમર્થ છે. હે આત્મા! તારે તેમાં કાંઈ પણ કરવાનું નથી, તું નકામો જ તેની ચિંતામાં તારો ભવ બગાડી રહ્યો છો. જે દ્રવ્ય અથવા પર્યાયના પરિણમનની ચિંતા તું તારા માથે લઈને ફરી રહ્યો છો, નાચી રહ્યો છો, તેને તારી અથવા તારા સહયોગની જરાય આવશ્યકતા નથી, પરવા નથી; તું જ બળવાન બળદોથી ખેંચાતા ગાડાની નીચે નીચે ચાલીને 'હું જ ગાડું ખેચું છું' એ અભિમાનમાં પકડાયેલા કૂતરાની જેમ આકુળ–વ્યાકુળ થઈ રહ્યો છો.

વસ્તુસ્વરૂપ તને વિશ્વાસ અપાવે છે કે તું જગત તરફ નિશ્ચિંત રહે, પરંતુ પરના કર્તૃત્વના અહંકારથી પિડાયેલો એ કહે છે કે દીકરો દુકાન સંભાળી લે તો હું નિશ્ચિંત થઈ શકું. જ્યાં સુધી જે કામ હું કરું છું તે કામ બીજો કરવા ન લાગે, ત્યાં સુધી હું કેવી રીતે નિશ્ચિત થઈ શકું? પણ હું કહું છું કે 'ક્રમબદ્ધપર્યાય' સિવાય આજસુધીમાં કોઈ એવો પુત્ર જનમ્યો નથી જે કર્તૃત્વના અહંકારથી પિડાયેલ પિતાને પૂરેપૂરો નિશ્ચિંત કરી દે. ક્રમબદ્ધપર્યાય જ એક એવી છે કે જે તેને સમજે, તેના ઉપર શ્રદ્ધા રાખે, તો નિશ્ચિંત થઈ શકે છે.

કર્તૃત્વના અહંકારથી પિડાયેલ વ્યક્તિની સમસ્યા જ એ છે કે કોઈ એનું કામ સંભાળે, તો તે નિશ્ચિંત થાય. આ વાત તેની સમજણમાં જ આવતી નથી કે તે પરની પર્યાયનું કાંઈ કરતો જ નથી, અજ્ઞાનને કારણે માત્ર તેમની ચિંતા કરે છે, અને ચિંતાનો કર્તા પણ ત્યાંસુધી છે જ્યાંસુધી અજ્ઞાન છે. [–ક્રમશઃ]

[વિવિધ સમાચાર....... પેજ ૩૪ થી ચાલુ]

દિલ્હી) ની અધ્યક્ષતામાં સાનંદ પૂરો થયો. ઉક્ત શિબિરમાં પંડિત શ્રી બાબુભાઈ મહેતા, ડૉ. હુકમચંદજી ભારિલ્લ તથા પંડિત જ્ઞાનચંદજીએ પ્રૌઢ વર્ગ ચલાવ્યો હતો. પ્રશિક્ષણના વર્ગોને ડૉ. ભારિલ્લજી, પં. નેમીચંદજી પાટની તથા પં. રતનચંદજી ભારિલ્લે સંબોધિત કર્યાં હતા. અનેકવિધ કાર્યક્રમો દ્વારા આયોજિત ઉપરોક્ત શિબિરમાં જૈન સમાજની પ્રમુખ–પ્રમુખ વ્યક્તિઓ સહિત હજારો મુમુક્ષુઓએ ઉલ્લાસથી લાભ લીધો હતો.

* આ જન્મજયંતી અંક હોવાથી આવતા અંકમાં 'વૈરાગ્ય–સમાચાર' આપવામાં આવશે. ❀ ❀ ❀

❀❀❀❀ **આનંદધામમાં રે કે શીઘ્ર શીઘ્ર જામે સાહેલડી......** ❀❀❀❀

# શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મહામંડળ, સોનગઢ

[ મિટિંગ સંબંધી સૂચના ] તા. ૧–૮–૭૮

શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ/સંઘ/સમાજ મુ..........................

શ્રી સદ્‌ગુરુવંદન સાથ જણાવવાનું કે આ વર્ષે જૈન અતિથિ સેવા સમિતિ તથા આપણા મહામંડળની શ્રી કાર્યવાહક કમિટિની મિટિંગ તથા શ્રી સામાન્ય સભા અત્રે સોનગઢ મુકામે નીચે મુજબ રાખવામાં આવી છે, તો આપના ગામના પ્રતિનિધીઓને હાજર રહેવા સૂચના આપશોજી.

એજન્ડા

( ૧ ) સને ૧૯૭૭–૭૮ વર્ષના વાર્ષિક હિસાબી સરવૈયા, કમિટિઓના હિસાબો અને અહેવાલો મંજૂર કરવા.

( ૨ ) સને ૧૯૭૮–૭૯ ના વર્ષ માટેનાં નવાં બજેટો મંજૂર કરવા.

( ૩ ) માનનીય પ્રમુખ સાહેબની મંજૂરીથી જે કાંઈ રજુ થાય તે અંગે.

| | તારીખ | વાર | સમય |
|---|---|---|---|
| શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ | | | |
| ટ્રસ્ટીઓની મિટિંગ | તા. ૫–૮–૭૯ | રવિવાર | સવારે ૯–૧૫ કલાકે |
| શ્રી જૈન અતિથિ સેવા સમિતિ | | | |
| ટ્રસ્ટીઓની મિટિંગ | તા. ૫–૮–૭૯ | રવિવાર | સવારે ૧૦–૧૫ કલાકે |
| શ્રી સામાન્ય સભા | તા. ૬–૮–૭૯ | સોમવાર | સવારે ૯–૧૫ કલાકે |

આ ઉપરાંત શ્રી જૈન વિદ્યાર્થી–ગૃહ, સોનગઢની વાર્ષિક મિટિંગો નીચે મુજબ રાખવામાં આવી છે. તો તે પ્રમાણે હાજર રહેવા સૂચના છે.

તા. ૫–૮–૭૯, રવિવાર સાંજે ૪–૧૫ કલાકે ટ્રસ્ટીઓની તથા વ્યવસ્થાપક કમિટિની મિટિગ.

તા. ૬–૮–૭૯, સોમવાર, સવારે ૯–૧૫ કલાકે સામાન્ય સભા

નોંધઃ– બધી મિટિગોનું સ્થળઃ– પ્રવચન–મંડપ.

લિ.
મલુકચંદ છોટાલાલ શાહ, ટ્રસ્ટી
શ્રી જૈન વિદ્યાર્થી ગૃહ,
સોનગઢ

લિ.
ટ્રસ્ટીઓ,
શ્રી દિ.જૈન મુમુક્ષુ મહામંડળ,
સોનગઢ

## વિવિધ સમાચારઃ-

તા. ૨૭–૭–૭૯

* પૂજ્ય ગુરુદેવશ્રી સુખશાતામાં બિરાજી રહ્યા છે. હાલ શિક્ષણ–શિબિરમાં ઘણા મહેમાનો અત્રે લાભ લેવા આવ્યા હોવાથી સવારે શ્રી સમયસાર સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારની ગાથા ૩૦૮–૩૧૧ (ક્રમબદ્ધ) ઉપર તથા બપોરે શ્રી નિયમસાર શુદ્ધભાવ અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના હિન્દીમાં સૂક્ષ્મ રહસ્યોદ્ઘાટક પ્રવચનો તથા રાત્રિચર્ચા ચાલી રહ્યા છે. ૩૦૮–૩૧૧ ગાથા પૂરી થયા બાદ ગાથા ૩૨૦ (શ્રી જયસેનાચાર્યની ટીકા) ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી પ્રવચનો આપશે.

* શિક્ષણ–શિબિર તેમજ પ્રશિક્ષણ–શિબિરમાં ભાગ લેવા માટે તેમજ પૂજ્ય ગુરુદેવશ્રીના આધ્યાત્મિક પ્રવચનોનો અપૂર્વ લાભ લેવા માટે દેશભરમાંથી મહેમાનો આવી રહ્યા છે. [ લગભગ હજારેક મહેમાનો આવી ગયા છે અને હજુ પણ આવી રહ્યા છે. ] વિદ્વાન પંડિત શ્રી લાલચંદભાઈ, ડૉ. હુકમચંદજી ભારિલ્લ, પંડિત જ્ઞાનચંદજી તથા પંડિત નેમીચંદભાઈ રખીયાળવાળા શિક્ષણ–શિબિરના વર્ગો તથા પ્રશિક્ષણ–શિબિરના વર્ગ ચલાવી રહ્યા છે તેમજ ડૉ. હુકમચંદજી ભારિલ્લ ક્રમબદ્ધ–પર્યાય ઉપર ખાસ પ્રવચનો આપી રહ્યા છે.

* પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૬૬ મી જન્મજયંતી મહોત્સવની આમંત્રણ પત્રિકાની મંગલ લેખનવિધિ શ્રાવણ સુદ એકમના રોજ સવારે પ્રવચન બાદ પૂજ્ય ગુરુદેવશ્રીની પાવન ઉપસ્થિતિમાં ગાજતે–વાજતે મંગલ ગીતવાદન સહિત માનનીય પ્રમુખશ્રી રામજીભાઈ દોશીના શુભહસ્તે કરીને તેઓશ્રીએ પૂજ્યશ્રીને આમંત્રણ–પત્રિકા અર્પણ કરી હતી. ત્યારબાદ વિદ્વાન પં. શ્રી લાલચંદભાઈ મોદીએ આમંત્રણ–પત્રિકાનું સભામાં વાંચન કર્યું હતું. પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ૬૬ મી જન્મજયંતી મહોત્સવ શ્રાવણ સુદ પુર્ણિમા તથા શ્રાવણ વદ બીજ (એકમનો ક્ષય) ના રોજ હજારો મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં અનેકવિધ ભક્તિભાવભર્યા કાર્યક્રમોથી ઉજવવામાં આવશે.

* પં. ટોડરમલ સ્મારક ટ્રસ્ટ દ્વારા સંચાલિત ૨૦ દિવસનો શિક્ષણ–પ્રશિક્ષણ–શિબિર અજમેરમાં તા. ૨૫–૬–૭૯ ના રોજ શ્રી નેમીચંદજી જૈન (શાહૂ જૈન,

[ અનુસંધાન માટે જુઓ પેજ ૩૨ ]




પ્રશ્નઃ– પર્યાય તે સમયની સત્ છે, નિશ્ચિત છે, ધ્રુવ છે તેમ કહેવાનું શું પ્રયોજન છે?

ઉત્તરઃ– પર્યાય ઉપરથી લક્ષ છોડી ધ્રુવ દ્રવ્ય તરફ ઢળવાનું પ્રયોજન છે. પર્યાય તે સમયની સત્ છે, નિશ્ચિત છે, ધ્રુવ છે, તેમ બતાવીને તેના ઉપરનું લક્ષ છોડાવી ધ્રુવ દ્રવ્ય ઉપર લક્ષ કરાવવાનું પ્રયોજન છે. પર્યાય નિશ્ચિત છે, ધ્રુવ છે એટલે પર્યાય તે સમયની સત્ હોવાથી આઘી પાછી થઈ શકે તેમ નથી એમ જાણે તો દૃષ્ટિ દ્રવ્ય ઉપર જાય, દ્રવ્ય ઉપર લક્ષ જાય ત્યારે વીતરાગતા થાય. વીતરાગતા એ તાત્પર્ય છે. અરે! આવી વાતો કરોડો રૂપિયા દેતા પણ મળે તેમ નથી. અહા! જે જાણતા વીતરાગતા થાય એની કિંમત શું?

પ્રશ્નઃ– સમ્યગ્દર્શન માટે ખાસ પ્રકારની પાત્રતાનું લક્ષણ શું?

ઉત્તરઃ– એને પોતાના આત્માનું હિત કરવા માટે અંદરથી ખરી ધગશ હોય, આત્માને પામવાની તાલાવેલી હોય, દરકાર હોય, ખરેખરી દરકાર હોય તે ક્યાંય અટક્યા વિના પોતાનું કામ કરે જ.

પ્રશ્નઃ– સમ્યગ્દર્શન નહિ થવામાં ભાવજ્ઞાનની ભૂલ છે કે આગમજ્ઞાનની ભૂલ છે.

ઉત્તરઃ– પોતાની ભૂલ છે. સ્વ તરફ નહિ વળતા પર તરફ રોકાય છે એ જ એની ભૂલ છે. છતી શક્તિ છે તેને અછતી કરી હતી તે તેની ભૂલ છે. એ છતી શક્તિને છતી કરીને જોતાં–દેખતાં એ ભૂલ ટળે છે.

* પરથી પોતાનું કાર્ય થાય જ નહિ એમ નિર્ણય કરતાં એટલી પરાલંબી શ્રદ્ધા તો છૂટી જાય છે એટલો એને લાભ છે, હવે સ્વ તરફ એને વળવાનું રહ્યું, સ્વના આશ્રયનો પુરુષાર્થ કરતાં સમ્યગ્દર્શન થાય છે.

* પોતાનું કામ કરવા માટે કાળ હલકો નથી એવો મહાપ્રભુ પોતે છે.

* દરેક દ્રવ્યના પરિણામ પોતાના ઉત્પાદ–વ્યય–ધ્રુવથી જ થાય છે. બીજા દ્રવ્યનું બિલકુલ કાર્ય નથી. ધજા સ્થિર હતી ને એકદમ હલવા માંડી તે પવન આવ્યો માટે હલવા માંડી એમ નથી. પાણી ઠંડુ હતું તેમાંથી એકદમ ગરમ થયું તે અગ્નિ આવી માટે ગરમ થયું છે એમ નથી, ચોખા કઠણ હતા અને તેમાંથી પોચા થયા તે પાણી આવ્યું માટે થયા

[ અનુસંધાન પાનું માટે જુઓ પાનું–૨૩ ]

આત્મધર્મના આજીવન સભ્યોની નામાવલિ

| | | |
|---|---|---|
| ૯૪૦ | શ્રી ચંદ્રકાંત મહાસુખલાલ મણીયાર | મુંબઈ |
| ૯૪૧ | ,, અશ્વિન મહાસુખરાય મણીયાર | મુંબઈ |
| ૯૪૨ | શ્રીમતી મણીબેન જવેરચંદ શાહ | ટાંજાનિયા |
| ૯૪૩ | શ્રી જેઠાલાલ પી. શાહ | નાઈરોબી |
| ૯૪૪ | ,, બંસીલાલ કુરાવન | રતલામ |
| ૯૪૫ | ,, જયશ્રીબેન એચ. જોબાલીયા | મુંબઈ |
| ૯૪૬ | ,, પોપટલાલ એન. ભાયાણી | દિલ્હી |
| ૯૪૭ | શ્રીમતી મીના પી. હારીયા | લંડન |
| ૯૪૮ | ,, જ્યોતિ આર. ગુડકા | લંડન |
| ૯૪૯ | શ્રી ગૌતમભાઈ સી. શાહ | અમદાવાદ |
| ૯૫૦ | ,, પરમાણંદાસ પાનાચંદ મહેતા | રાજકોટ |
| ૯૫૧ | ,, જમનાદાસ વી. સંઘવી | રાજકોટ |
| ૯૫૨ | ,, મુક્તાબેન કિસનલાલ પારેખ | રાજકોટ |
| ૯૫૩ | ,, સુરેશ સી. સંઘવી | રાજકોટ |
| ૯૫૪ | શ્રીમતી તારાલક્ષ્મી આર. શાહ | મુંબઈ |
| ૯૫૫ | શ્રી મહેન્દ્ર જમનાદાસ કામદાર | રાજકોટ |
| ૯૫૬ | ,, ગીરીશ ટી. તલસાણિયા | રાજકોટ |
| ૯૫૭ | શ્રીમતી જ્યોત્સના એમ. કોઠારી | મુંબઈ |
| ૯૫૮ | શ્રી રમણીકલાલ હરીલાલ ઓઝા | રાજકોટ |
| ૯૫૯ | ,, ચુનીલાલ અમરશી મહેતા | ભીવંડી |
| ૯૬૦ | ,, ચીમનલાલ બી. શાહ | વીંછીયા |
| ૯૬૧ | ,, અંબાલાલ સાકળચંદ મહેતા | બેંગલોર |
| ૯૬૨ | ,, જયંતીલાલ મફતલાલ શાહ | સુરત |
| ૯૬૩ | ,, કાંતીલાલ જીવરાજ શાહ | મુંબઈ |
| ૯૬૪ | ,, અમીચંદ છોટાલાલ શાહ | મુંબઈ |
| ૯૬૫ | શ્રીમતી સવીતાબેન જે. શાહ | મુંબઈ |
| ૯૬૬ | શ્રી ખીમજી વીરપાળ | સિંહડા |
| ૯૬૭ | ,, ચેતન ચંદ્રકાંત શાહ | મુંબઈ |
| ૯૬૮ | ,, પ્રકાશ જેચંદ મહેતા | મુંબઈ |

**આજીવન સભ્ય ફી રૂ. ૧૦૧/- [ ક્રમશઃ ]**

License No. 3
' Licensed to post without Prepayment'

If not delivered plaeseRturn to:
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
SONGAD PIN: 364 250

તંત્રી : પુરુષોતમદાસ શીવલાલ કામદાર
પ્રકાશકઃ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ PIN: 364 250
મુદ્રક : મગનલાલ જૈન, અજિત મુદ્રણાલય, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) પ્રતઃ ૩૫૦૦
[ વાર્ષિક લવાજમ રૂ. ૬-૦૦ ]